## પ્રકરણઃ૬

# નાટયકાર દલપત ચૌહાણ

ગુજરાતી દલિત નાટકક્ષેત્રે ઘણું ઓછો ખેડાણ થયેલું છે.નાટક-એકાંકી સ્વરુપની રચનાઓ મોહન પરમાર,દલપત ચૌહાણ જેવા સર્જકોને બાદ કરતા મળતી નથી.શેરી નાટકો ઘણાં લખાયા છે અને જનજાગૃતિ અર્થે આ સ્વરુપની એક અલગ ઓળખ છે.આવા સમયમાં દલપત ચૌહાણ પાસેથી મળતા નાટકો ગુજરાતી દલિત સાહિત્યમાં તેમની એક અલગ ઓળખ ઊભી કરે છે. નવલકથા,વાર્તા જેવા સ્વરુપોની સાથેસાથે નાટક-એકાંકી જેવા સ્વરુપમાં પણ દલિત કથાવસ્તુને વિષય બનાવતી રચનાઓ દલપત ચૌહાણ પાસેથી મળે છે.દલિત નાટક સંદર્ભે પોતાની વાત કરતા તેઓ જણાવે છે"હું નાટકને નાટક રીતે નહીં,મારી માંગ પ્રમાણે વિચારું છું.લખું છું.મારું ધ્યેય એક કર્મશીલનું છે,જે હવે કલમ સીવાયનું બીજું કામ સારી રીતે કરી શકતો નથી.અંતિમ મારું અંતિમ નક્કી છે,દલિત સમાજને કચડનારાં પાત્રો પરથી દિવ્યતાનો,પ્રભુતાનો,ઇશ્વરીય આંચળો ખેંચી લેવો.એમને જેવા છે તેવા-માણસ જેવા જ ચીતરવા.પુરાણ કથાઓને ઊલટાવી કહેવું જુઓ આ ઇશ્વરો તો માણસ કરતાય નક્કામા છે.તે આદર્શ બદલાવો જોઇએ.ધર્મરાજ યુધિષ્ઠિર એ જમાનામાં સ્ત્રીને જુગારમાં મૂકે!એ સમય આદર્શ કઉ રીતે હોય શકે?તેને આપણે ધિક્કારી ન શકીએ તો કાંઇ નહી પણ યુધિષ્ઠિરને બિરદાવીએ નહીં;તો આજે અહી સતયુગ કહેવાય.બાકી પહેલા તો એક રાજાએ પોતાની પત્ની ભરબજારે વેચી છે.આ બધું ખુલ્લેખુલ્લા વિરોધને પાત્ર તો છે જ.ભલે મહાત્મા ગાંધીને એ નાટક ગમ્યું હોય."[૧]તેમની પાસેથી 'અનાર્યાવર્ત'નામનો નાટ્ટયસંગ્રહ અને'હરીફાઈ'નામે એકાંકીસંગ્રહ મળે છે.'અનાર્યાવર્ત'માં ત્રણ નાટકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.૧.અનાર્યાવર્ત.૨.અંતિમ ધ્યેય અને પાટણને ગોંદરે. જેમાં પ્રથમ બે મહાભારતનાં કથાવસ્તુ પર આધારિત છે જ્યારે છેલ્લું નાટક વીર મેઘમાયાની લોકકથા પર આધારિત છે.આપણે સૌ પ્રથમ આ નાટકોમાં રજુ થયેલ કથાવસ્તુનો ટૂંકમાં પરિચય મેળવીયે.

અનાર્યાવર્તઃ

'અનાર્યાવર્ત'નાટકનાં કેંદ્રસ્થાને કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ છે.મહાભારતના રચનાકાર.અહી નાટકમાં તેમનુ સ્વપ્ન છે આર્યાવર્તની સામે અનાર્યાવર્તની સ્થાપનાનું.'રાજા રાજા સુથાર દંડ' શીર્ષક હેઠળની પ્રસ્તાવનામાં લેખક કહે છે"મહાભારતની કથા કરોડો હત્યાઓ,બલિદાન કે માનવવિનાશની કથા છે.એમાં જનસામાન્ય ક્યાં?યુદ્ધમાં મરનાર સામાન્ય સિપાહીના પત્ની,પુત્ર,પુત્રી,મા-બાપ કોઇની ચીસ કયાં કવિએ સાંભળી છે?મહાભારતમાં દાસ,દસ્યુ,ગુલામ,ઢીમર,મછુઆરા,નાગ,હિડમ્બ,તક્ષક આદિજનોની ભાવનાઓ કહો રાયજી કોણ સુણાવે?...આ તો મહાકવિ વ્યાસનું સર્જન,જ્યાંથી જુઓ ત્યાંથી નવુ લાગે....આખરે તો મીથ-પુરાણ,કલ્પનાનાં રંગો ઊડેલો ગુલાલ છે...આજ સુધી બધાએ(સાહિત્યકારો)મહાભારતનો ગુલાલ ઊડાડ્યો જ છે ને.જેને જે ગમ્યુ તે....હા...બધાએ પોતાની અર્થછાયા,રીતભાત આપી ખરુને?નવુ ઉમેરણ અંબોરણેય ખરું.મેં દલિત નાટક નામની સંજ્ઞા આપી મારા નાટકોને...મને એક સ્વપ્ન મળ્યુ અનાર્યવર્ત એને મેં દાસ,દસ્યુ,મછુઆરા,ઢીમર,હિડમ્બ,નાગ,તક્ષક

વગેરે આદિજાતિઓનું સ્વપ્ન બનાવ્યુ અને એ સ્વપ્નનો નાયક છે દ્વૈપાયન...કૃષ્ણ દ્વૈપાયન.મહાભારતનો રચનાર વેદ વ્યાસ.જે નામ આપો તે...પણ બધા મારી લેખનીના,સ્વતંત્ર."[2]ગુજરાતી સાહિત્યમાં આર્ય-અનાર્ય વચ્ચેનાં મૈત્રીસંબંધોને ઉજાગર કરતી નવલકથા મનુભાઇ પંચોળી 'દર્શક'પાસેથી 'કુરુક્ષેત્ર'મળે છે તો આવી જ બીજી નવલકથા સાને ગુરુજી પાસેથી'આસ્તિક'મળે છે.જ્યારે અહી આ નાટકમાં લેખકે તેમનાથી ભિન્ન આર્યોની સામે અનાર્યોનાં અલગ અસ્તિત્વને રજુ કરતી વાત પ્રસ્તુત કરી છે.

બે અંક અને ચાર દશ્યમાં આ નાટક વહેચાયેલુ છે.પ્રથમ અંકનાં પ્રથમ દશ્યમાં સૂત્રધાર આપણને અરણ્યમાં રહેલી એક કૂટિર પાસે એકઠા થયેલા હિરણ્યમાન,અજનાભ,ચંપ,તક્ષક,ચમસ વગેરેનું દશ્ય બતાવે છે.અને તેમની વચ્ચે ચાલતી વાતચીત પાસે આપણને લઈ જાય છે.આર્યાવર્તના વિસ્તારને કારણે આદિવાસી જનોને ભોગવવી પડતી હાલાકી સામે અવાજ ઉઠાવવા બધા એકઠા થયા છે.આર્યોની અમર્યાદિત સત્તાલાલસાને કારણે જંગલોનો નાશ થઈ રહ્યો છે.અનાર્યોની આ સ્થિતિ પાછળ અનાર્ય રાજા દસરાજે હસ્તિનાપુરના રાજા શાંતનુ અને ભીષ્મ સાથે કરેલી સંધિ જવાબદાર છે.દસરાજે પોતાની પુત્રી મત્સ્યગંધાને શાંતનું સાથે પરણાવી જેને કારણે અનાર્યોને હસ્તિનાપુરનું દાસત્વ ભોગવવાનું આવ્યું એમ હિરણ્યભાનું બધાને જણાવે છે.આર્યોના આ દાસત્વને ફગાવી દઈને અનાર્યોનું અનાર્યાવર્ત સ્થાપવાનું સ્વપ્ન દ્વૈપાયને જોયુ છે.આ સ્વપ્નને જ સાકાર કરવા બધા એકઠા થયા છે.આ સ્વપ્ન જોવા પાછળના ઘણા કારણો છે.તેમાનુ એક મહત્વનું કારણ છે આર્યો અનાર્યોનું શોષણ કરી રહ્યા છે.કરને નામે આર્યો સમગ્ર આદિજનને લૂંટી રહ્યા છે.આદિજનોના ભાગનું ધાન્ય,દારુ તેઓ છીનવી રહ્યા છે.અનાર્યાવર્તનું સ્વપ્ન સાકાર કરવા માટે દ્વૈપાયન નેતૃત્વગીરી કરે છે.દસરાજે કરેલી સંધિને ભુલીને કોઈપણ પ્રકારનો કર નહી ચુકવવાની અપીલ કરે છે.આર્યોનો સામનો કરવા જંગલોના સર્વ આદિજનોને એક થવાની વાત કરે છે.એ દરમ્યાન હસ્તિનાપુરનો સંદેશાવાહક ચંદ્રવાહ સંદેશ લઈને આવે છે તે જણાવે છે કે શાંતનુનો હુકમ છે કે રાજ્યને કર તરીકે માછલી,મધ,મદ્ય,ધાન અને ફળો નહી આપે તે રાષ્ટ્રદ્રોહી ગણાશે.દ્વૈપાયન માટે પણ યુવરાજ ભીષ્મએ સંદેશ મોકલાવ્યો છે કે દ્વૈપાયન સંધિવિગ્રાહકના રુપમાં હસ્તિનાપુર આવે એ દરમ્યાન તેમની સાથે સારો વ્યવહાર થશે.સંદેશામાં ભીષ્મએ એમ પણ જણાવ્યુ છે કે આર્યો અને અનાર્યો વચ્ચે સુલેહસંપ સ્થપાય તે માટે તેઓ આતુર છે.દ્વૈપાયન દગો થવાની સંભાવના હોવા છતાં હસ્તિનાપુર જવા તૈયાર થાય છે.જતા જતા તે પોતાનો અંતિમ સંદેશ એકઠા થયેલા વીર યોદ્ધાઓને જણાવતા કહે છે"બધા મળી આપણું કાર્ય આપણો વિદ્રોહ સફળ કરજો.હું એક દિવસ જરુર પાછો આવીશ અને ન આવ્યો તો શું?આ યુદ્ધ તો તમારા પર આધારિત છે.હું તો નિમિત્ત માત્ર છું.યુદ્ધ તમારે જીતવાનું છે અને જેઓ પોતાના માટે લડે છે તેમનો જ આખરે વિજય થાય છે..."[3]

નાટકના બીજા દ્રશ્યનાં આરંભે સૂત્રધાર અને નટી વચ્ચેના સંવાદ દ્વારા જાણવા મળે છે કે હસ્તિનાપુર નરેશ શાંતનુ તેમજ તેમના પુત્રો ચિત્રવીર્ય અને વિચિત્રવીર્ય અપુત્ર મરણ પામ્યા છે.તેથી કુરુવંશના વારસદારનો પ્રશ્ન ઊભો થયો છે.ભીષ્મ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈને બેઠા છે.એ વંશ ચલાવી શકે તેમ નથી તેથી શાંતનુ પુત્રોની પત્નીઓ અંબા અને અંબાલિકાને પુત્રો થાય તો જ વંશ ચાલી શકે અને એ

માટે રાજમાતા સત્યવતીનાં પહેલા પુત્ર એટલે કે દ્વૈપાયનની શોધ ચાલી રહી છે.નટી દ્વૈપાયનની જન્મકથાનો નિર્દેશ કરતા જણાવે છે"એ મત્સ્યગંધા પુત્ર છે.ઢીમર કન્યા મત્સ્યગંધા,પારાશરના બળાત્કારનો ભોગ બનેલી મત્સ્યગંધા,એ જ તો મહારાણી સત્યવતી છે.આજે શાસ્ત્રોના ન્યાયે,એ દ્વૈપાયન ભીષ્મનો સગોત્ર છે(હસે છે)શાસ્ત્રો એમ કહે છે...ભીષ્મની કપટનીતિ એમ કહે છે...સત્યવતીનો પુત્ર હોવાને નાતે એ કુરુવંશ જ ગણાય."[૪]દ્વૈપાયનની માતા સત્યવતી હોવાથી અને સત્યવતી શાંતનુની પત્ની હોવાને કારણે દ્વૈપાયનને કુરુવંશનો વારસદાર ગણવાની ગણતરી ભીષ્મએ અને તેમના કહેવાતા ધર્મના શાસ્ત્રોએ કરી છે.નટી અને સૂત્રધાર વચ્ચેનાં સંવાદ દ્વારા બીજી વાત એ જાણવા મળે છે કે સંધિવિગ્રાહક તરીકે આવેલા દ્વૈપાયનને બંદી બનાવીને વિચિત્રવીર્યના રંગમહેલમાં લઈ જવામાં આવ્યો છે.દ્વૈપાયન પોતાને શા માટે બંદી બનાવવામાં આવ્યો એનું કારણ પુછે છે ત્યારે દેવવ્રત શાસ્ત્ર પ્રમાણે તેની કેદને યોગ્ય ગણાવે છે.દ્વૈપાયન તેમની શાસ્ત્રવચન પરની કટિબદ્ધતાને ખુલ્લી પાડતા કટાક્ષમાં કહે છે

" ...શાસ્ત્રોનો આદેશ ક્યારથી પાળવા લાગ્યા?તમે...તમે તો શાસ્ત્રોને ક્યારનાય ઘોળીને પી ગયા છો.

દેવવ્રતઃપ્રમાણ?

દ્વૈપાયનઃમારી વળી પ્રમાણ આપવાના હોય?મારે કયું રાજ્યાસન જોઈએ છે,તે ખરાં ખોટા કરું અને કહું(ગંભીરતાથી)સાંભળો...મેં અનાર્યોને જવનો દારુ,મૃગલાનું માંસ,માછલી અને જમુનાનાં જળ મળે એ માટે સંગઠિત કર્યા.યજ્ઞમાં બાળવામાં આવતા ઘી,જવ,તલનો વિરોધ કર્યો.એકી સાથે હજારો પશુઓનાં સંહારનો વિરોધ કર્યો.એને તમે અધર્મ,શાસ્ત્રોનો વિરોધ કહો છો?મને બંદી બનાવ્યો,સંધિવિગ્રાહકને બંદી બનાવ્યો.એ પણ શાસ્ત્રોનો આદેશ હશે નહી?તમને મહાન આર્યાવર્ત રચવાની છૂટ,અનાર્યોએ અનાર્યાવર્તનું સ્વપ્ન પણ ના જોવું?

દેવવ્રતઃહા...અનાર્યો...અનાર્ય છે અને આર્યો આર્ય છે.તમને બંદીવાન બનાવવા એ ધર્મની આજ્ઞા હતી,શાસ્ત્રવચન પણ એમ કહે છે.

દ્વૈપાયનઃક્યા શાસ્ત્રો એમ કહે છે?ઓહ...તમારા રચેલા શાસ્ત્રો?વાહ દેવવ્રતજી,તમારા મોઢામાં શાસ્ત્ર...શાસ્ત્ર...એ શબ્દ મને રમૂજ પૂરી પાડે છે

દેવવ્રતઃઆ રમૂજ માટે નથી કહેતો,દ્વૈપાયન...

દ્વૈપાયન(ઠંડકથી)મારી વાત આપ સમજ્યા નહી?તમારા આર્યશાસ્ત્રોની આજ્ઞા પાળવી એ નબળા માટે સત્ય છે.સબળને શાસ્ત્રોની કોઈ કિંમત નથી

દેવવ્રતઃએટલે?

દ્વૈપાયનઃએટલે સાવ સરળ બાબત છે.જુઓ અંબા શા માટે બળી મરી હતી?

દેવવ્રતઃ(ઉતાવળે)એ અન્ય કોઈને ચાહતી હતી.એના પ્રેમીએ એનો અનાદર કર્યો.

દ્વૈપાયનઃજૂઠું ન બોલો!તમે કાશીરાજની ત્રણ કન્યાઓનું હરણ કરી લાવ્યા હતા.ખરું?

દેવવ્રતઃહા...તે મારે માટે નહી.મેં તો આજીવન બ્રહ્મચર્ય પાળવા પ્રતિજ્ઞા લીધી છે.માતા સત્યવતી,પિતા શાંતનું અને સમગ્ર વિશ્વની સાક્ષીએ...

દ્વૈપાયનઃઆર્યશાસ્ત્રો શું કહે છે દેવવ્રત?ખબર છે?સ્વયંવરમાંથી જો કોઇ કન્યાનું હરણ કરી જાય,તે જ તેની સાથે લગ્ન કરે.તમે...તમે હરણ કરી,જીતેલી કન્યાઓનું દાન કર્યુ.ભાઇઓને દાન આપ્યુ કેમ?

દેવવ્રતઃતેથી શું?

દ્વૈપાયનઃપત્નીઓનું દાન કરી શકાય?ભાઇઓને હરણ કરવા સાથે લઈ જવાની જરુર નહોતી શું?એમના મારફતે હરણ થયાં હોત તો?

દેવવ્રતઃતો શું થાત?

દ્વૈપાયનઃભોળા ન બનો દેવવ્રત!આમ થયુ હોત તો વીર ચિત્રવીર્ય ઘર છોડીને ભાગી ગયો ન હોત.સુબાહુ વિચિત્રવીર્ય અકાળે યુદ્ધમાં માર્યો ગયો ન હોત.તમારું રાજ્યાસન આમ ખાલી ન હોત.રાજ્યને એનો વારસદાર ક્યારનોય મળી ગયો હોત(અટકે છે)ચિત્રવીર્ય,વિચિત્રવીર્ય તમારી-મારી જેમ સ્વમાની હતા.અભિમાની હતા.ભીખમાં સ્વર્ગનું રાજ પણ ન સ્વીકારે.તમારું દાન તેમની વીરતાને ખટકતું રહ્યુ.એટલે સુધી કે તેઓએ રંગરાગમાં ડુબીને પોતાનું સત્વ ગુમાવી દીધુ અને આખરે આ અંજામ...એ તો તમે જાણો જ છો!હજી કાંઇ સાંભળવું છે?

દેવવ્રતઃચૂપ રહે કાળિયા!નક્કી...”[૫]

અહી દ્વૈપાયન અત્યંત વેધક રીતે દેવવ્રતના દુષ્કર્મો અને તેની સત્તાલાલસા ખુલ્લા પાડે છે.ત્યારબાદ સત્યવતી અને દ્વૈપાયન વચ્ચે સંવાદ થાય છે જેમાં મા અને દીકરા બન્નેની મનોવેદના છતી થાય છે.મા સત્યવતીને આર્યાવર્તના વારસદાર માટે પુત્રને સહાય કરવા માટે યાચના કરવી પડે છે તો બીજીબાજુ અનાર્ય દ્વૈપાયન અનાર્યાવર્તનું સ્વપ્ન સેવનાર છે.માતા સત્યવતી દ્વૈપાયનને કહે છે“એ તો મારી આજ્ઞા નહી વિનંતી છે.આ અપુત્ર રાજ્યને તેનો રાજવી આપ,કુરુવંશને ચલાવે તેવો પુત્ર આપ.”તો બીજીબાજુ અનાર્ય પુત્રએ જન્મથી અનાર્ય પણ લગ્નને કારણે આર્ય બનેલી માતાને અનાર્યાવર્તની સ્થાપનામાં મદદ કરવાની વિનંતી કરવી પડે છે.“માતા તમે અનાર્યાવર્તનાં દુઃખને જાણો છો.તમે તમારા અનાર્ય ભાંડુરાઓની લાગણીના તંતુથી જુદાં પડી શક્યાં નથી,એ મને સમજાય છે.છતાં શા માટે અમને મદદ કરતા નથી?”સંવાદના અંતે દ્વૈપાયન નિરાશ વદને જણાવતાં કહે છે“(સ્વગત)આ ભીષ્મ ભયંકર છે.આ રંગમહેલ,અહી રંગમાં ડુબાડી મારા સગોત્ર હોવાના નાતે મને ન જાણે ક્યાં ધકેલી રહ્યા છે આ બધા.હું જાણતો નથી.મારા અનાર્યાવર્તના સ્વપ્નને આમ અકાળ મૃત્યુ તરફ ધકેલી દેવામાં આવશે...એક નક્કર સ્વપ્ન અહી રોળાતું જશે.આમ બનશે એની મને સ્હેજેય કલ્પના ન હતી.હું ભીરું છું.થાકેલો છું...અને સમય નિષ્ઠુર...મારે સમયના પ્યાદા તરીકે ભૂમિકા અદા કરવાની છે,હું પ્યાદું છું સમયનું...”[૬]

બીજા અંકના પહેલા દ્રશ્યની શરુઆતમાં નેપથ્ય પાછળથી આવતા અવાજ દ્વારા જાણવા મળે છે કે "ભીષ્મનું આર્યાવર્ત ટુકડાઓમાં વહેચાઇ જવાની ભીતિ છે.શાંતનુના વંશજો કુરુઓ-પાંડવ અને કૌરવમાં વહેચાઇ ચૂક્યા છે ને પ્રજા યુદ્ધોના બોજથી રહેસાઇ રહી છે તોય ચારે તરફ યુદ્ધનો ઉન્માદ છે.જ્યારે દ્વૈપાયન કારાગૃહમાં અનાર્યાવર્તનું સ્વપ્ન ઝંખી રહ્યો છે...અનાર્યાવર્ત."[૭]સૂત્રધાર અને નટી વચ્ચેના સંવાદ દ્વારા જાણવા મળે છે કે ભીષ્મની જાણ બહાર અને કૌરવોના ગુપ્તચરો મારફતે દ્વૈપાયન અને સત્યવતી હસ્તિનાપુર છોડી જવાના છે.કૌરવોને આમાં પોતાનુ હિત દેખાય છે કારણ કે જો સત્યવતી અને દ્વૈપાયન મુક્ત થાય તો પાંડવો સામેના યુદ્ધમાં તેમને હરાવવા અનાર્યોની મદદ લઇ શકાય.ત્યારબાદ આખુ દૃશ્ય સત્યવતી અને દ્વૈપાયનના પલાયનનું નાટ્યકરણ ધ્વનિ અને સંવાદ દ્વારા બતાવવામાં આવ્યુ છે.આ દૃશ્યમાં કિલ્લાનો વડો મધુગુપ્ત અને સૈનિક તેમજ આદિવાસીઓના નેતા હિરણ્યમાનના સેવકો ચક્ષક અને તમસ પાત્રોરુપે આવે છે.

નાટકના અંતિમ દૃશ્યમાં હસ્તિનાપુર છોડીને ભાગવામાં સફળ થયેલા સત્યવતી અને દ્વૈપાયન વચ્ચેના સંવાદો આલેખવામાં આવ્યા છે.હસ્તિનાપુરની મહારાજ્ઞી સત્યવતીને જંગલમાંથી પસાર થતા તેનો ભૂતકાળ પીડી રહ્યો છે.નેપથ્ય પાછળથી આવતો અવાજ"પૂર્વેની અનાર્યકન્યા મત્સ્યગંધા,તેં ભલેને માથે અંધાર ઓઢ્યો હોય,તારા પ્રથમ પુત્રના સથવારે તેં ભલે અનાર્યાવર્ત છોડયું હોય...પણ તું સત્યવતી છે.(પડઘાય છે)તું આર્યાવર્તને ભૂલી નહી શકે.(અટ્ટહાસ્ય)તારું અનાર્યત્વ તને રાજમહેલમાં ક્ષણેક્ષણ પીડતું હતું એવી રીતે અહી તને તારું આર્યત્વ પીડશે.તું રાજમહેલની આભાના રંગરાગ,ઉજાસ,સત્તા-અરે!હજારો દાસ-દાસીઓથી ઘેરાયેલી તને ક્યાંય સાંત્વના નહી મળે...(પડઘાય છે)તેં હજી તારા પુત્રોના પતનની શરુઆત જોઇ છે.તેઓનો સર્વનાશ જોવાનો બાકી છે...સર્વનાશ...સર્વનાશ..."[૮]અનાર્યાવર્તના પગલા શોધતા શોધતા જંગલમાં આગળને આગળ ચાલી રહેલા સત્યવતી અને દ્વૈપાયનને આર્યાવર્તના જ પગલાની છાપ મળે છે.અહી આપણને આર્ય-અનાર્ય વચ્ચેના મનોસંઘર્ષમાં પીડા અનુભવી રહેલી સત્યવતી નજરે પડે છે.મહાભારતના યુદ્ધમાં હજારો માનવીઓ મૃત્યુને ઘાટ ઉતર્યા.તેમની સ્ત્રીઓ અનાથ થઇ.તેમનો બોજ હલકો કરવા હવે સત્યવતી અનાર્યાવર્તની શોધ કરી રહી છે.દ્વૈપાયનને તો આર્યાવર્ત અનંત લાગી રહ્યુ છે ત્યારે સત્યવતી જવાબ આપતા જણાવે છે"અંત આવશે,જરુર અંત આવશે.તું...તું કારાવાસમાં રહીને ભ્રમણાઓ સેવતો થઇ ગયો છે.કશુ જ અનંત નથી...એવુ ન બોલ દ્વૈપાયન!આર્યાવર્તની છાયા ધીમે ધીમે ટૂંકી થતી. જશે રાહ જો.આર્યાવર્તની આણ ઓછી થશે...પછી...મારો માતૃદેશ...પિતૃભૂમિ...એ ભૂમિમાં પગલા પડતા જ સર્વસ્વ બદલાઇ જશે.ભલેને એ ભૂમિ નાની થતી ગઇ હોય!ભલેને તેની સરહદો સંકડાઇ ગઇ હોય...એ અનાર્યાવર્ત બનશે.તારું ને મારું...આપણા ભાંડુરાઓનું સ્વપ્ન...ત્યાં જ મને શાંતિ પ્રાપ્ત થશે.અનંત શાંતિ."[૯]પણ સમય તેની પાસે હિસાબ માંગતા કહે છે કે"તું હજારો-કરોડો માનવ હત્યાઓને જન્મ આપીને ભાગી રહી છે.તું ભાગી રહી છે...પરંતુ અહીયા એ જ આગ ભભૂકે છે.તારું સર્જન છે અનાર્યાવર્તનું સ્વપ્ન!અનાર્યાવર્ત અગનગોળો છે.તેમાં...તેમાં તારે સતત બળવાનું છે...બળવાનું છે."[૧૦]રાજમાતા કે હસ્તિનાપુરની મહારાજ્ઞી તરીકેની પોતાની છાપ સત્યવતી ભુસવા માંગે છે.આ બાજુ દ્વૈપાયન પણ ઘોર નિરાશામાં ડુબેલો છે.અનાર્યાવર્તના પોતાના સ્વપ્નને તેણે પોતે જ નશ્ટ કર્યુ હોય એમ તે માની રહ્યો છે.અનાર્યોના વિનાશ પાછળ તે પોતાને

જવાબદાર ગણે છે તો અનાર્યોમાં રહેલી એકતાનો અભાવ પણ આ માટે કઈક અંશે જવાબદાર છે એમ તેને લાગે છે.સત્યવતી દ્વૈપાયનને અનાર્યાવર્તને પુનઃજીવિત કરવા માટે કુરુઓ અને પાંડવો સાથે સંધિ કરી લેવાનો માર્ગ સૂચવે છે પણ દ્વૈપાયનને આ માર્ગ હરગીજ પસંદ નથી તે જણાવે છે"સંધિનો માર્ગ...સંધિ!સંધિ નહી દાસત્વ કહો માતા અને હવે સંધિ?જિંદગીના છેલ્લા શ્વાસોમાં મારે ફરીથી ગુલામીના પાંજરે પુરાવાનું?કારાવાસ મને ક્યારેય પીડાદાયક નથી લાગ્યો,જેટલો સંધિ શબ્દ દુઃખકર લાગે છે.હું તો જંગલનો છોરું.સંધિની વાત ક્યાં સમજ્યો હતો?સંધિને નામે શાંતનુના દરબારમાં ગયો હતો અને હાથે પગે બેડીઓ મળી હતી કેવો વિફળ પ્રયત્ન હતો?ત્યારે હાથી જેવો મદમસ્ત,કારાવાસના સહવાસે વધારે તપ્ત થતો ગયો.આખરે સ્વાતંત્ર્યનું ખરું મૂલ્ય ત્યાં જ સમજ્યો.અત્યારે પાછી સંધિ...?ના...માતા ના...એ દિવસ-રાત હું ભૂલ્યો નથી...ઓહ...મને હૃદયમાં કશુંક ખટકે છે."[૧૧]શાંતનુ સાથે સંધિ કરવાને કારણે જ જંગલોનો નાશ થયો.એ જ ભૂલ દ્વૈપાયને પણ સંધિવિગ્રાહક તરીકેની ફરજ બજાવા જતા કરી અને બંદીવાન બન્યો જેના કારણે તેનું અનાર્યાવર્તનું સ્વપ્ન ચકનાચૂર થયુ તેથી જ દ્વૈપાયન સંધિની વાત સાંભળી અકળાય છે.નાટકનું કથાવસ્તુ મહાભારતમાંથી લેવામાં આવ્યુ છે .પણ આ વસ્તુને નાટ્યકારે પોતાની દૃષ્ટિથી જોયુ છે હવે મહાભારતમાં આ નાટકમાં આવતા પાત્રો વિશે તેમજ કથા વિશે શું છે તે આપણે જોઈએ.

"મહારાજા વસુનું વીર્ય પી જતા અદ્રિકા નામની માછલી(અપ્સરા,શાપ મળવાથી મત્સ્ય યોનિમાં જતી હતી)ને બે સંતાન થયા એક પુત્ર અને એક પુત્રી અનુક્રમે મત્સ્ય અને મત્સ્યગંધા.રાજા ઉપરિચરે આ કન્યા માછીમારને આપી.માછીમારના ઘરે રહેવાથી તેનુ નામ મત્સ્યગંધા પડ્યું.

એકવાર પિતાની સેવા માટે પાણીમાં નાવ ચલાવતી તેણે તીર્થયાત્રામાં નીકળેલા પરાશરને જોયા.તે અતિશય સ્વરુપવાન,સિદ્ધો પણ જેની કામના કરે તેવી,તે વસુની પુત્રીને જોઈને મુનિવર વિદ્વાન,બુદ્ધિમાન પરાશર તેના પર આસક્ત થઈ તેની કામના કરવા લાગ્યા.કન્યાએ કહ્યુ કે ભગવાન,નદીના બન્ને કિનારે ઊભેલા ઋષિઓને જુઓ,હવે તે જોતા હોય ત્યારે આપણો સમાગમ(sex)વી રીતે થાય?મત્સ્યગંધાએ આ પ્રમાણે કહ્યું ત્યારે સમર્થ પરાશરે ધુમ્મસ ઉત્પન્ન કર્યુ તેથી તે સમગ્ર પ્રદેશ અંધકારમય બની ગયો.તે મહર્ષિએ ઉત્પન્ન કરેલા ધુમ્મસને જોઈને આશ્ચર્ય અને લજ્જાથી મુક્ત બની તે મનસ્વિની કન્યા બોલી'હે ભગવાન!હું હંમેશા પિતાને વશમાં રહેનાર કન્યા છું.મારા વિવાહ થયા નથી,તે તમે જાણો છો.હે નિષ્પાપ,તમારા સંયોગથી મારો કન્યાભાવ નાશ પામશે.હે વિપ્રવર્ય!કન્યાભાવ નાશ પામ્યા પછી હું કેવી રીતે મારે ઘેર પાછી ફરું?હે ઋષિ મારો કૌમાર્યભાવ નાશ પામવાથી હું ઘેર પાછી ફરી શકું નહી,હે ભગવાન આપ તેનો વિચાર કરી યોગ્ય લાગે તેમ કરો.કન્યાએ આમ કહ્યુ ત્યારે ઋષિશ્રેષ્ઠ પરાશરે કહ્યુ કે'તું મારું પ્રિય કાર્ય(કન્યાઓનું શિયળ ભંગ કરવું)કરીને પણ કન્યા જ રહીશ(અર્થાત તારું કન્યાપણું દૂષિત નહી થાય)તારી જે ઈચ્છા હોય તે વરદાન માંગ.હે સુંદર હાસ્યવાળી!મારો અનુગ્રહ પહેલા કદી પણ વ્યર્થ થયો નથી.'પરાશરે આ પ્રમાણે કહ્યુ ત્યારે મત્સ્યગંધાએ પોતાના શરીરમાંથી સારી ગંધ ઉત્પન્ન થાય તેવું વરદાન માંગ્યુ.મુનિએ તેને તથાસ્તુ કહીને ઈચ્છિત વરદાન આપ્યું.ઈચ્છિત વરદાન પ્રાપ્ત કરીને પ્રસન્ન થયેલી સત્યવતીએ સ્ત્રીભાવના ગુણોને ધારણ કરીને આવું અદભુત કર્મ કરનાર ઋષિ પરાશર સાથે

સમાગમ કર્યો.ત્યારથી સંસારમાં મત્સ્યગંધાનું નામ ગંધવતી પ્રસિદ્ધ થયુ.માનવી એક યોજન દૂરથી પણ તેના શરીરની ગંધનો અનુભવ કરતા હતા તેથી તેનુ નામ યોજનગંધા પણ પ્રસિદ્ધ થયું.ભગવાન પરાશર પણ પોતાના સ્થાને ચાલ્યા ગયા.આ રીતે ઉત્તમ વરદાન મેળવી પ્રસન્ન થયેલી સત્યવતીએ પરાશર સાથે સમાગમ કર્યા પછી તરત જ ગર્ભ ધારણ કર્યો.તે વીર્યવાન પરાશરના પુત્ર કૃષ્ણ દ્વૈપાયનનો જન્મ યમુનાનાં ટાપુ ઉપર થયો.તેમણે જન્મ લઈને માતાને કહ્યુ કે જ્યારે તમને આવશ્યકતા હોય ત્યારે મને યાદ કરજો હું તરત જ તમારી પાસે આવી જઈશ,એમ કહી માતાની આજ્ઞાથી તપસ્યા કરવા ચાલ્યા ગયા."[૧૨]આ સીવાય આ જ પર્વનાં ૧૦૦માં અધ્યાયમાં મત્સ્યગંધા વિશે નીચે મુજબની વાત આવે છે

દાસરાજની પુત્રી-ગંધવતી(મત્સ્યગંધા)શાંતનુની બીજી પત્ની.

દાશ(ધીવર જાતિ-મચ્છીમાર)

"દાશ કન્યા-દાશરાજની આજ્ઞાથી ધર્મ માટે નાવ ચલાવવાનું કામ કરે છે.જંગલમાં શિકાર અર્થે ગયેલા રાજા શાંતનુને ગંધવતી-દાશકન્યાનાં દર્શન થાય છે અને તેની સાથે વિવાહના પ્રસ્તાવ અર્થે દાશરાજને મળે છે.દાશરાજ તેની સમક્ષ શરત મુકે છે કે જો પોતાની પુત્રીથી પ્રાપ્ત થનાર પુત્ર તેનો ગાદીવારસ બનશે તો જ તેને પરણાવા તૈયાર છે."

"હે ધર્માત્મા!મારા ધાર્મિક પિતાની એક નાવ હતી.એક સમય મારા નવયૌવનના દિવસોમાં હું તે નાવ પાસે ગઈ.તે સમયે ધિમાન,શ્રેષ્ઠ,ધાર્મિક પરમ ઋષિ પરાશર યમુના નદી પાર કરવા માટે આવીને મારી નાવમાં બેઠા.હું તે મુનિશ્રેષ્ઠને યમુના નદી પાર કરાવી રહી હતી તે સમયે તે કામવશ બનીને મધુર વાતોથી મને લોભાવી મારી પાસે આવીને બોલ્યા.હું પિતાની બીકથી તથા તે ઋષિના શાપના ભયથી મૂલ્યવાન વરદાન પ્રાપ્ત કરી તેમની વાતનો અસ્વીકાર કરી શકી નહી.તે ઋષિએ નાવ પર રહીને અને બાલિકા સ્વરુપે મને તેજથી પરવશ કરી દીધી અને અંધકારથી પૃથ્વીને ઢાંકીને મને પ્રાપ્ત કરી લીધી.પહેલા મારા શરીરમાંથી માછલીની ખૂબ જ ખરાબ વાસ આવતી હતી પરંતુ તે મુનિએ તે વાસને દૂર કરી આ સુગંધ મને આપી.પછી તે મુનિએ મને કહ્યુ કે તું આ યમુના નદીના ટાપુ ઉપર મારાથી ઉત્પન્ન થયેલા તે ગર્ભને છોડીને ફરી કન્યાવસ્થા પ્રાપ્ત કરીશ.તેમનાથી યમુના નદીના ટાપુ ઉપર તે કન્યાવસ્થામાં મારા ગર્ભથી પરાશરના પુત્ર મહર્ષિ મહાન યોગી જન્મ લઈને દ્વૈપાયનના નામથી પ્રસિદ્ધ થયા.તે ભગવાન ઋષિ તપના પ્રભાવથી ચાર વેદના વિભાગ કરી વ્યાસના નામે પ્રસિદ્ધ થયા અને કાળા હોવાથી તેમનું નામ કૃષ્ણ પડયું."[૧૩]

આ નાટક સંદર્ભે ડૉ.પરમ પાઠક પોતાની વાત કરતા જણાવે છે કે"અહીં દ્વૈપાયન અને દેવવ્રતને મૂલવવાનો એક જુદો જ દષ્ટિકોણ પ્રાપ્ત થાય છે.આ પૂર્વે શાન્તિલાલ જાનીએ પોતાની 'કથાંચલ'નવલકથામાં આવું એક રસપ્રદ નિમિત્ત પૂરું પાડેલું.ત્યાં બાણશૈયા પર પોઢેલા ભીષ્મને કર્ણ પોતાની અસલિયતનું ભાન કરાવે છે.ભીષ્મના વર્તનની,વર્તનની વિસંગતીઓને તે નિર્મમતાથી બતાવે છે.અનાર્યાવર્તનો દ્વૈપાયન મને મહાશ્વેતાદેવીની નવલકથા 'અરણ્યેર અધિકાર'ના બીરસામુંડાનું સ્મરણ કરાવે છે.એ બેની તુલના રસપ્રદ બની રહે એમ છે."[૧૪]

આ નાટક'નયા માર્ગ'સામયિકમાં છપાયું ત્યારે તેને વાચીને મનુભાઇ પંચોળી 'દર્શકને'તેમાં પારાશરના આવતા ઉલ્લેખ સંદર્ભે કઇક અજુગતું લાગ્યુ અને તેમણે નાટકના લેખક સાથે પત્રવ્યવહાર કર્યો.તેમાં તેમણે કહ્યું કે"દલિત તરફ સહાનુભૂતિનો અતિરેક આવા નિરાધાર દ્વેષ તરફ જાય તે હિતાવહ નથી.મત્સ્યગંધાને પોતાના પિતાને પરણાવવા ભીષ્મે જ્યારે પ્રતિજ્ઞા લીધેલી તે જાણીતી વાત છે.એ એક દલિત વસાહત તરફનો અનુકૂળ પ્રતિભાવ છે.દહેજ છે.મહાભારતમાં સત્યવતી(મત્સ્યગંધા)મહોલાતમાં સમુદાયની આદરપાત્ર છે અને તે વ્યાસને પોતાની વાત નિખાલસપણે કહી નિયોગ માટે આગ્રહ કરી શકે છે.આ બધુ જે ભાઇએ આ લખ્યું અને તમે છાપ્યું તે જેબ આપતી વસ્તું નથી.પછાત જાતિઓ,શુદ્રોને અન્યાય નહોતો થતો એવું નથી.પણ આ રીતે પારાશરને તેમાં ઘસડવાની કે તેને અહીં આર્ય સમુદાયને નિંદી દલિતોને ઉશ્કેરવાની રીત ખોટી છે.આત્મઘાતી છે.એ સમયે આવું અવૈધિક મિલન સામાન્ય હતું.અને તેથી વ્યાસ પોતે જ પોતાની વાત સહજપણે કહી શકે છે.આ રેપ નથી અને આ છતાં અર્ધશુદ્ર વ્યાસ સૌના આદરપાત્ર બને છે."[૧૫]

આનો જવાબ આપતા દલપત ચૌહાણ જણાવે છે"મારો આશય સાંપ્રતને અને પુરાણ સમયમાં દલિત-આદિવાસીઓને,દસ્યુ અને ગુલામોને થયેલા અન્યાયોને ઉજાગર કરવાનો છે.આર્યોને આર્યાવર્તની ભાવના હતી.શું અનાર્યો સાવ પોકળ હતા?ના પણ...ઈતિહાસ-કાવ્ય-નાટક સૌ લખનારા આર્ય હતા.એમણે પોતાના ઈતિહાસ અનાર્યોની છાતી પર લખ્યા.શું એ ઈતિહાસો જ વિકૃત નથી?"[૧૬]

પારાશરે મત્સ્યગંધા પર કરેલા બળાત્કારની વાત પર આવીએ.આદ્યપર્વની આ કથા છે.પારાશરે જેવો વૃદ્ધ-જ્ઞાની(યુવાન નહી)બ્રાહ્મણ રાત્રિના સમયે ઢીમર-માછીમાર(દસરાજ)ને ત્યાં આવે છે અને પોતાને ગંગા પાર કરવી છે એમ જણાવે છે.ઢીમરને ત્યાં રાત્રિ રોકાણ કરવાને બદલે જવું જરુરી છે તેવી તાકી દ કરે છે.દસરાજ વૃદ્ધ ઢીમર રાત્રે ગંગા પાર કઇ રીતે કરાવે?તે વખતે સ્ટીમ લોથ કે ફ્લડ લાઇટો નહોતી.વૃદ્ધ હાથોએ આખો દિવસ કરેલી મજુરી-હોડી ચલાવી થાકેલા પિતાએ બ્રાહ્મણની બીકે પોતાની તે-ચૌદ વર્ષની બાલિકા(ષોડષી નહીં)(મૂળ મહાભારતમાં કવિએ નાની હોવા છતાં હાડોતી દેખાતી એવી એની પુત્રી એમ વર્ણન કરેલ છે)નાવ લઇ આ પારાશર ને ગંગા પાર કરાવવા મોકલે છે.અને એ સીત્તેર વર્ષનો ખુસટ બુઢ્ઢો મત્સ્યગંધા પર નાવમાં ગંગાનદીની મધ્યે બળાત્કાર કરે છે.એને તમે બીજું શું નામ આપી શકો મુરબ્બી?આ વાતે તમને ધિક્કાર કે સરેરાટીય નથી થતી(મેં બળાત્કારને બળાત્કાર કહ્યો એટલે તમારી ધાર્મિક વૃત્તિ-દલિત દ્વેષ તરફ ઉતરી આવી)અને પછી પેલા જ્ઞાનીએ વરદાન આપ્યું'જા તને તેજસ્વી પુત્ર થશે.'કુંવારી કન્યાને તેજસ્વી પુત્ર...વાહ રે તમારી માન્યતાઓ...કુંતાને સૂર્યથી પુત્ર થાય તેને ગંગામાં વહેવડાવવો પડે.રાજકુળની છે એટલે.ઢીમર કન્યાને બાળમાતા બનવાનો અભિશાપ.મહાભારતની નારીઓને તો કેટલી પીડી છે એનો અંદાજ છેને."[૧૭](આ આખો પત્રસંવાદ આ પ્રકરણના અંતે મૂકવામાં આવ્યો છે.)આમ અહી આપણે જોઇ શકીયે છીએ કે રસાભાસ સંદર્ભે આ નાટકમાં પારાશર કે જેને મહાન ચિતરવામાં આવ્યો છે તેને અહી બળાત્કારી બતાવવામાં આવ્યો હોવાથી યોગ્ય નથી એમ દર્શક જેવા સાહિત્યકારો માને છે.જો કે મહાભારતની કથાને સાહિત્યકારોએ પોતાની રીતે

આલેખી છે.દર્શકે પોતે પણ'કુરુક્ષેત્ર'નામની નવલકથામાં આર્ય-અનાર્ય વચ્ચેના સંઘર્ષની વાત કરી જ છે.પણ પારાશર સંદર્ભે તેમની આર્યભાવના દૂભાય હોય એમ જણાય આવે છે.

પાત્રાલેખનઃ

અનાર્યાવર્તમાં સત્યવતી,દ્વૈપાયન,દેવવ્રત એ મુખ્ય પાત્રોની ભૂમિકામાં છે જ્યારે ગૌણ પાત્રોમાં હિરણ્યમાન,અજનાભ,ચંપ,હિરણ્યભાનુ છે તો નાટકનો દોરીસંચાર કરતા પાત્રો સૂત્રધાર અને નટી છે.

દ્વૈપાયનઃ

દસરાજ પુત્રી મત્સ્યગંધાનો પારાશરના બળાત્કારને કારણે જેનો જન્મ થયો છે તે કૃષ્ણ દ્વૈપાયનનું પાત્ર અનાર્યાવર્ત નાટકનું મૂખ્ય પાત્ર છે.એના નેતૃત્વમાં અનાર્યાવર્તનું સ્વપ્ન સાકાર કરવા માટે જંગલના મૂળનિવાસી દાસ,દસ્યુ,ઢિમર,નાગ વગેરે એકઠા થયા છે.તે કહે છે"તો સાંભળો!ધ્યાન દઈ સાંભળો,અને હું કહું તેમ આજથી જ અમલમાં મૂકો.હવે કોઇ પ્રકારનો કર હસ્તિનાપુરને આપવાનો નથી.જમુનાના જળની સોનેરી માછલીનું ભોજન તમારું છે.નાગલી અને વરીના ભાત તમારાં છે.ગાય-બકરીનું દૂધ તમારું છે;હરણાનું માંસ અને મદ્ય તમારા છે.આ આર્યોને કાંઇ આપવાનું નથી."[૧૮]તે બધાને એક જૂથ થઈ આર્યોનો પ્રતિકાર કરવાનું કહે છે.દ્વૈપાયનના પાત્રમાં નેતાગીરીના ગુણો છે.એક સાચો અને નિષ્ઠાવાન નેતા મુશ્કેલીના સમયમાં હંમેશા પોતાને આગળ કરતો હોય છે.આ વાત આપણને દ્વૈપાયન સંધિવિગ્રાહક તરીકે જવા તૈયાર થાય છે તેમાંથી સમજાય છે.સંધિવિગ્રાહક તરીકે ક્યાંક તેને કેદ કરી લેવામાં આવશે;તેમાંથી દગાની ગંધ બધાને આવતી લાગે છે તેમ છતાં દ્વૈપાયન કહે છે "ભલે એમ થાય,ચંપ!માન, ભાનું સૌ સાંભળો. હું તમારા માટે, આપણા સૌ જન માટે! અરે! અનાર્યાવર્ત માટે હસ્તિનાપુર જાવ છું. કદાચ પાછો ન પણ આવું .હસ્તિનાપુરનાં દુર્ગની તોતિંગ દીવાલોનાં કારાગૃહમાં મને છુપાવી દેવામાં આવે...તો પણ...(અટકે છે) તો પણ તમે ડગશો નહી. તમારી પાસે હિરણ્યમાન, હિરણ્યભાનું, તક્ષ, ચંપ, અજનાભ જેવા નાયકો છે.બધા મળી આપણું કાર્ય-આપણો વિદ્રોહ સફળ કરજો. હું એક દિવસ જરુર પાછો આવીશ.અને ન આવ્યો તો શું? આ યુદ્ધ તો તમારા પર આધારિત છે હું તો નિમિત્ત માત્ર છું. યુદ્ધ તમારે જીતવાનું છે.અને જેઓ પોતાના માટે લડે છે તેમનો જ આખરે વિજય છે...હું કાલે પ્રાતઃના જ હસ્તિનાપુર જવા રવાના થઈશ;આપણી મુશ્કેલીઓ વ્યથાઓ અંગે ફરિયાદ કરીશ...અને જો સાચો ઉકેલ નહીં આવે તો,આર્યાવર્ત છે ને આપણે છીએ!સૌને છેલ્લા ઝાઝા જુહાર...(સૌને પ્રણામ કરે છે)[૧૯]

દ્વૈપાયનને બંદી બનાવી રંગમહેલમાં લાવવામાં અવે છે ત્યારે દ્વૈપાયન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈને બેઠેલા દેવવ્રતને કહે છે"એમ કે?એક વિદ્રોહીને રાજમહેલમાં,ભૂલ્યો,રંગમહેલમાં,તેય આ સાંકળો સાથે કેવું વરવું લાગે છે?શું મારેય રંગરાગ ખેલવાના છે.દેવવ્રત મહારાજ?(વ્યંગભર્યુ હસે છે) "[૨૦]

દ્વૈપાયન દેવવ્રતને ધર્મસંબંધી વાતે અને પોતે આર્યોનો સગોત્ર છે એ બાબતે દલિલ કરતા એની જ ભાષામાં જવાબ આપે છે.જે ઘણી તાર્કિક અને વ્યાજબી હોવા છતાં દેવવ્રત સ્વીકારવા તૈયાર

નથી.આર્યોના દંભભર્યા આચરણથી દ્વૈપાયન રગેરાગ માહિતગાર છે અને તેથી જ દ્વૈપાયન ભીષ્મની રાજરમતને ખુલ્લી પાડી દે છે.તે પોતાની મા અને હસ્તિનાપુરની મહારાજ્ઞી સત્યવતીને માતૃત્વની યાદ આપી અનાર્યાવર્તના સ્વપ્નને સાકાર કરવાની વાત કરે છે.દલિલો કરવામાં તે દેવવ્રત ભીષ્મ અને સત્યવતીને પણ ઝાંખા પાડી દે છે.શાસ્ત્રોની પોકળતાને ખુલ્લી પાડી દે છે.આમ છતાં દ્વૈપાયન એમ વિચારે કે"આ ભીષ્મ ભયંકર છે.આ રંગમહેલ,અહીં રંગમાં ડુબાડી મારાં સગોત્ર હોવાને નાતે,મને ન જાણે ક્યાં ધકેલી રહ્યાં છે,આ બધાં.હું જાણતો નથી.મારાં અનાર્યાવર્તના સ્વપ્નને આમ અકાળ મૃત્યુ તરફ ધકેલી દેવામાં આવશે...એક નક્કર સ્વપ્ન અહી રોળાતું જશે.આમ બનશે એની મને સ્હેજેય કલ્પના ન હતી.હું ભીરું છું,થાકેલો છું...અને સમય નિષ્ઠુર...મારે સમયના પ્યાદા તરીકે ભૂમિકા અદા કરવાની છે,હું પ્યાદું છું સમયનું..."[૨૧]એમ કહે ત્યારે પાત્ર સંદર્ભે અનુચિત લાગે છે.તો પરમ પાઠક દ્વૈપાયનના પાત્ર સંદર્ભે જણાવે છે કે"અહી દ્વૈપાયન અને દેવવ્રતને મૂલવવાનો એક જુદો જ દૃષ્ટિકોણ પ્રાપ્ત થાય છે.આ પૂર્વે શાંતિલાલ જાનીએ પોતાની કથાંચલ નવલકથામાં આવું એક રસપ્રદ નિમિત્ત પુરુ પાડેલું.ત્યાં બાણશૈયા પર પોઢેલા ભીષ્મને કર્ણ પોતાની અસલિયતનું ભાન કરાવે છે.ભીષ્મના વર્તનની,વ્યક્તિત્વની વિસંગતીઓને તે નિર્મમતાથી બતાવે છે.અનાર્યાવર્તનો દ્વૈપાયન મને મહાશ્વેતા દેવીની નવલકથા અરણ્યેર અધિકારના બીરસા મુંડાનું સ્મરણ કરાવે છે.એ બેની તુલના રસપ્રદ બની રહે એમ છે."[૨૨]

ભીષ્મ:

મહાભારતમાં જે પાત્રને સૌથી વધુ માન-સન્માન અને આદર મળેલું છે અને પિતાને કારણે જેને આજીવન બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા લીધી છે એ દેવવ્રતના પાત્રને નાટ્યકારે પોતના દૃષ્ટિકોણથી આલેખ્યુ છે.ગંગા પૂત્ર દેવવ્રતને અહી સર્જકે રાજરમત ખેલતો અને આર્યાવ્રતની સંકટ ઘડીમાં સંદેશાવાહક તરીકે આવેલા દ્વૈપાયનને બંદી બનાવતો આલેખ્યો છે.દ્વૈપાયન સાથેના સંવાદમાં આ પાત્ર ખુલ્લુ પડતું જોવા મળે છે.અહી દ્વૈપાયનની કેટલીક વાતો સાંભળીને ગુસ્સે ભરાતું આ પાત્ર તેને કૃષ્ણ-કાળિયો જેવી ગાળો પણ બોલી દે છે.શાસ્ત્રઆજ્ઞાને ઘોળીને પી જવાનું કામ ભીષ્મએ કર્યુ.પોતાના ફાયદામાં હોય તો શાસ્ત્રઆજ્ઞાને આગળ કરવી એ આર્યોની કપટનીતિને ભીષ્મના પાત્રમાં આલેખી છે.આ પાત્ર સંદર્ભે પરમ પાઠક જણાવે છે કે"ગંગાપુત્ર તરીકે જાણીતા દેવવ્રતે આજીવન બ્રહ્મચર્ય પાળવાની ભીષ્મ પ્રતિજ્ઞા લીધી છે.યેનકે ન પ્રકારેણ હસ્તિનાપુરના હિતોનું રક્ષણ કરવું એ એનું પરમ કર્તવ્ય છે.એની પ્રકૃતિમાં અદમ્ય વિજિગિષા છે.દેવવ્રતમાં સ્વામીત્વની પ્રબળ ભાવના રહેલી છે.એના વ્યક્ત્વિની આસપાસ એક અપ્રમેય આભાવર્તુળ રચી દેવાયું છે.આર્યોની મુખ્ય પરંપરા એને એક તેજોભવ્ય મૂર્તિ તરીકે પ્રોજેક્ટ કરે છે.પરંતુ દલપત ચૌહાણે આ પ્રકાશનાય પડછાયા બતાવી આપ્યા છે.દેવવ્રતના કાવાદાવાને દ્વૈપાયન નિર્મમતાથી,નિર્ભયતાથી ઉઘાડા પાડે છે.હસ્તિનાપુરનો વંશ આગળ વધારવાનો દેવવ્રતનો સ્વાર્થ છે.આથી તે દ્વૈપાયનનો વધ કરી શકે એમ નથી.એટલે જ વિષ્ટિ કરવા માટે આવેલા દ્વૈપાયનને એણે બંદીવાન બનાવી લીધો છે."[૨૩]

સત્યવતી:

અનાર્ય દસરાજપુત્રી મત્સ્યગંધા,પારાશરમુનિના બળાત્કારનો ભોગ બનેલી માછીમાર કન્યા અને હસ્તિનાપુરના રાજા શાંતનુની પત્ની સત્યવતી એમ આ પાત્રની વિવિધ અવસ્થાઓનું ચિત્ર આ નાટકમાં આલેખાવા પામ્યુ છે.નાટકમાં આ પાત્રનો મનોસંઘર્ષ આલેખાવા પામ્યો છે.દ્વૈપાયનને બંદી બનાવી રંગમહેલમાં લાવવામાં આવ્યો છે ત્યારે પોતાના પ્રથમ પુત્રને જોઇ તેને પોતાનું માતૃત્વ યાદ આવે છે.જો કે પોતે આર્યાવર્તની મહારાજ્ઞી હોવાથી પોતાને માતૃત્વની લાગણીઓથી અલિપ્ત રાખે છે.અહીં મહારાજ્ઞી અને માતા વચ્ચેનો મનોસંઘર્ષ પ્રસ્તુત થવા પામ્યો છે.તો હસ્તિનાપુર છોડી વાર્ણાવર્તમાં(પોતાના મલકમાં)આવે છે ત્યારે મહારાજ્ઞી તરીકેનો ઠાઠમાઠ તેનો પીછો છોડતી નથી.અહી આર્ય-અનાર્ય રુપેનો મનોસંઘર્ષ રજુ થવા પામ્યો છે.આ પાત્ર સંદર્ભે પરમ પાઠક કહે છે"દેવવ્રત અને સત્યવતીના એકબીજા સાથે અને દ્વૈપાયન સાથેના સંબંધો વિલક્ષણ છે.સત્યવતી મૂળે અનાર્ય કન્યા છે.પારાશર સાથેના સંબંધથી એને દ્વૈપાયન જન્મી ચૂક્યો છે.એ પછી હસ્તિનાપુર નરેશ શાંતનુ એને પરણે છે.દ્વૈપાયન તો એની રીતે અનાર્યોમાં વિચરણ કરે છે.શાન્તનુ-સત્યવતીના વિવાહ શક્ય બને એ માટે આજીવન બ્રહ્મચર્ય પાળવાની દેવવ્રતે પ્રતિજ્ઞા લીધી છે.એટલે તો એ ભીષ્મ કહેવાયા છે.આ કથા પણ જાણીતી છે.અહી દલપત ચૌહાણ કહે છે કે પારાશર દ્વારા સત્યવતી પર બળાત્કાર થયેલો.ને એ રીતે દ્વૈપાયનનો જન્મ.કુન્તા જેમ કર્ણને નથી ભૂલી શકતી તેમ સત્યવતી દ્વૈપાયનને ભૂલી શકતી નથી.સત્યવતીના ચિત્તની સ્થિતિ અનિર્ણયાત્મક છે.એ છે તો હસ્તિનાપુરની મહારાણી.સમગ્ર આર્યાવર્તની મહારાજ્ઞી છે.અતિ મહત્વાકાંક્ષી સમર્થ દેવવ્રત પણ એના પદને સ્વીકારે છે.દેવવ્રત એને પોતાના કાવાદાવામાં એક પેંદા તરીકે પ્રયોજવા માટે પ્રયત્નશીલ છે.સત્યવતી  અવઢવમાં છે.એક તરફ હસ્તિનાપુરનું સામ્રાજ્ય છે.એનો વંશ આગળ ધપાવવાનો છે.તો બીજી તરફ એની નસોને નાડીઓમાં વહેતા રક્તનો આદિમ પુકાર છે.દેવવ્રતની અનુપસ્થિતિમાં તે નિયોગ પદ્ધતિ અર્થે એની પાસે આણવામાં આવેલા દ્વૈપાયન સમક્ષ એ પોતાનું હૃદય ખોલે છે.રીતસરની એ રડી પડે છે."[૨૪]"સત્યવતીના દ્વૈપાયન,દેવવ્રત સાથેના સંબંધોમાં શરીર,પ્રાણ,મનની ભૂમિકાના સંકેતો સાંપડે છે.સત્યવતી દ્વૈપાયન સાથે લોહીનો સંબંધ ધરાવે છે.દેવવ્રત સાથેનો તો એનો રાજ્યસંમત,સમાજસંમત,નીતિ સંમત સંબંધ છે.દ્વૈપાયન સાથે તે તીવ્ર સંવેદનાઓ,વેદના,વિષાદ,ઉલ્લાસની પ્રાણમય ભૂમિકાએ જોડાયેલી છે.તમામ અવરોધોને અતિક્રમીને અનાર્યાવર્ત સર્જવાના સ્વપ્નમાં અંતરાત્માની ભૂમિકાના અસ્ફૂટ સંકેતો મળે છે.અનાર્યાવર્ત સર્જવાનું શમણું,આર્યોથી મુક્તિની રમ્ય કલ્પના આ બધું મનોમય વિચારની ભૂમિકા સૂચવે છે."[૨૪]

ભાષાશૈલીઃ

મહાભારત પર આધારિત અનાર્યાવર્ત નાટકની ભાષા શિષ્ટ–તત્સમ છે.જો કે ક્યાક તળપદા તેમજ દેશ્ય શબ્દો પણ પ્રયોજાયેલા જોવા મળે છે જેમકે બેઠા કરતાં બજાર ભલી,ગાંડો,મારગે,અલ્યા,નાઠા,રેઢા,લ્યો વગેરે.સર્જકે પાત્રને અનુરુપ ભાષાનો પ્રયોગ કર્યો છે.નાટકમાં પ્રયોજાયેલો દરેક શબ્દ ક્રિયાત્મક હોવો જોઇએ અહી પાત્રોની ભાષામાં આપણને ક્રિયાનું તત્વ જોવા મળે છે.

પાત્ર-પાત્ર વચ્ચેના સંવાદો આકર્ષક છે.દ્વૈપાયનને બંદી બનાવીને જ્યારે રંગમહેલમાં લાવવામાં આવે છે ત્યારે ભીષ્મ સાથેના સંવાદો બન્ને વચ્ચેના દ્વંદ્વને પ્રગટ કરી આપે છે જુઓ

દેવવ્રતઃહા...આ રાજભવન છે દ્વૈપાયન,વિચિત્રવીર્યનો રંગમહેલ.

દ્વૈપાયનઃએમ કે?એક વિદ્રોહીને રાજમહેલમાં;ભૂલ્યો રંગમહેલમાં,તેય આ સાંકળો સાથે કેવું વરવું લાગે છે?શું મારેય રંગરાગ ખેલવાના છે દેવવ્રત મહારાજ?(વ્યંગભર્યુ હસે છે)

દેવવ્રતઃના,એમ નહીં

દ્વૈપાયનઃતો પછી આ બધું શું છે?

દેવવ્રતઃમાતાનો આદેશ અને ધર્મના આચરણ માટે તમને બોલાવવામાં આવ્યા છે.

દ્વૈપાયનઃધર્મ...માતાનો આદેશ?આ બધું એક વિદ્રોહી માટે?હું આ બધું સમજી શકતો નથી"[૨૬]

તો સત્યવતીના પાત્રનો આંતરિક મનોસંઘર્ષ તેની સ્વગત ભાષામાં રજૂ થવા પામ્યો છે જુઓ

સત્યવતીઃ(સ્વગત)નહી,નહીં,હું એ બધું ભૂલી જવા માગું છું.મારે બધું ભૂલી જવું છે.સર્વનાશ તો મારે મારી સ્મૃતિઓનો કરવાનો છે.મારી સ્મૃતિઓનો નાશ હો.હું થાકી ગઇ છું,હું થાકી ગઇ છું.મારું અનાર્યત્વ-શૂદ્રત્વ મને રહી રહીને પોકારે છે

(વીજળી સાથે કડાકા થાય છે)

(નેપથ્યેઃસત્યવતી, તું અનાર્ય છે.(પડઘાય છે.)ના...ના...તું અનાર્ય નથી.સત્યવતી તો આર્ય છે.કુરુવંશની રાજમાતા હસ્તિનાપુરની મહારાજ્ઞી...એ વળી અનાર્ય હોતી હશે?તું આર્ય છે...તું આર્ય છે...)

સત્યવતીઃ(સ્વગત)ના...ના...એ અનાર્ય છે.સત્યવતી અનાર્ય છે.હું અનાર્ય છું એટલે જ તો મારા પ્રથમ પુત્ર સાથે મહેલનો ત્યાગ કરીને રાત માથે લીધી છે.(દ્વૈપાયનને)ચા લ દ્વૈપાયન,આપણે ઝડપથી ચાલવા માંડીએ.ઓહ!આ ભૂમિ?કાંઇ જ નહીં!આ ભૂમિ?કાંઇ જ નહીં!બધું જ વ્યર્થ છે.ભૂલી જવું છે,આ બધું.સાવ ભૂલી જવું છે.દ્વૈપાયન!મને સહારો આપો"[૨૭]

સત્યવતીઃએવું ન બોલ દ્વૈપાયન!આર્યાવર્તની છાયા ધીમે ધીમે ટૂંકી થતી જશે;રાહ જો.આર્યાવર્તની આણ ઓછી થશે.પછી...મારો માતૃદેશ...પિતૃભૂમિ...એ ભૂમિમાં પગલાં પડતાં જ સર્વસ્વ બદલાઇ જશે.ભલેને એ ભૂમિ નાની થતી ગઇ હોય!ભલેને તેની સરહદો સંકળાઇ ગઇ હોય...એ અનાર્યાવર્ત બનશે;તારું ને મારું...આપણાં ભાંડુરાંઓનું સ્વપ્ન...ત્યાં જ મને શાંતિ પ્રાપ્ત થશે.અનંત શાંતિ.

(નેપથ્યે અવાજઃ સત્યવતી તને શાંતિ?નહી,નહીં,તને શાંતિ ક્યાંય નહી મળે.ક્યારેય નહીં મળે.તું શાપિત છે.તેં આર્યભૂમિનો દ્રોહ કર્યો છે...અનાર્યભૂમિનો દ્રોહ કર્યો છે.તું હજ્જારો-કરોડો માનવ હત્યાઓને જન્મ આપીને ભાગી રહી છે...પરંતુ અહીયા એ જ આગ ભભુકે છે.તારું સર્જન છે અનાર્યાવર્તનું સ્વપ્ન!અનાર્યાવર્ત અગનગોળો છે તેમાં...તેમાં તારે સતત બળવાનું છે...બળવાનું છે)

સત્યવતીઃ(સ્વગત)મને શાંતિ જોઈએ...મારે શાંતિ જોઈએ.ઓહ...પેલાં શ્વેત ઓળાઓ...સ્ત્રીઓનાં ઝૂંડનાં ઝૂંડ ક્યાં જાય છે?કયાં જાય છે?તેમણે શ્વેત વસ્ત્રો શા માટે પહેર્યા છે?ઓહ!તેમના માથે કેશ નથી.કપાળે કુમકુમ તિલક નથી,હાથે કંકણ નથી,નજરોમાં હૃદયને ચીરી નાખતી ઉદાસી...તે મારી તરફ ધસી રહી છે,ઓહ...હજારો સ્ત્રીઓ આવી રહી છે;હજારો સ્ત્રીઓ;રોકાઈ જાઓ...હું કહું છું રોકાઈ જાઓ..હું કહું છું,રાજમાતા સત્યવતી કહું છું,રોકાઈ જાઓ.આ રાજઆજ્ઞા છે.રાજઆજ્ઞાનો અનાદર કરનારને દંડ દેવામાં આવશે...

(નેપથ્યે અવાજઃમહારાજ્ઞી સત્યવતીનો આદેશ...દંડ દેવામાં આવશે એમ જ ને?સત્યવતી તું આમ હાંફળી ફાંફળી કેમ થઈ ગઈ છે?કોઈ સ્ત્રીઓ તારી તરફ ધસી આવતી.કિંતુ એ તારી ભ્રમણા...તારાં સત્યોનું પ્રતિબિમ્બ છે.તેં રચેલા સત્યો...તેં રચવા ચાહેલા સત્યો...તારું આર્યત્વ હજી તને પીડે છે.તેને તું ખંખેરી શકી નથી...તારા રાજમાતાના અ ભરખા પૂરા થયા નથી.તું નહીં ભૂલી શકે આર્યત્વ.આર્યત્વ તારી રગે રગમાં રસાઈ ગયું છે.સત્યવતી;તું અનાર્યકન્યા,મત્સ્યગંધા નથી,મહારાજ્ઞી સત્યવતી છે...સત્યવતી છે...તું રાજમાતા છે...)

સત્યવતીઃ(સ્વગત)નહીં...હું હવે રાજમાતા નથી.મહારાજ્ઞી તો ક્યારનીય મટી ગઈ છું.રાજ્યસત્તાનો મને સ્હેજ પણ મોહ નથી.હું માતૃગૃહે જવા નીકળી છું.સાવ અબોધ બાલિકા શી.(પ્રગટ)ચાલ દ્વૈપાયન,ઝડપ વધાર આપણે આ આર્યાવર્તને છોડી જઈએ..."[૨૮]

આમ આ આખો સંવાદ મત્સ્યગંધા અને સત્યવતી વચ્ચેના માનસિક સંઘર્ષને અસરકારક રીતે આપણી સમક્ષ રજુ કરે છે.

નાટયસંઘર્ષઃ

'અનાર્યાવર્ત'નાટકમાં સંઘર્ષનું તત્વ જોવા મળે છે અહી દેખીતો સંઘર્ષ છે આર્યો અને અનાર્યો વચ્ચેનો.આર્યોની સત્તાલાલસા તેમજ વિસ્તારલાલસા અનાર્યોનો વિનાશ નોતરી રહી છે તેથી જ જંગલમાં વસનારા માછીમાર,ઢિમર,દાસ,દસ્યુઓ,નાગ વગેરે એકઠા થયા છે.આર્યો પોતાનો વિસ્તાર વધારી રહ્યા છે અનાર્યોના ભાગનું કરનાં નામે આર્યો લૂંટી રહ્યા છે.એની સામેનો પ્રતિકાર કરવા માટે અનાર્ય સેના ઊભી થઈ છે.એક તરફ અનાર્યો કર નહી ચૂકવવાનું વચન લે છે.એ પછી તરત જ હસ્તિનાપુરનો સંદેશાવાહક ચંદ્રવાહ રાજાનો આદેશ સંભળાવતા કર તાત્કાલિક ધોરણે ચૂકવવાનું અને એમ નહી કરનારને કસૂરવાર ઠેરવી રાજદંડ થશે એમ જણાવે છે.અનાર્યાવર્તનું સ્વપ્ન તેમને જોયુ છે પણ આ સ્વપ્નને સફળ

બનાવવામાં જેની વિશેષ ઉપસ્થિતિ જરુરી છે એ પાત્રને જ આર્યો કપટનીતિથી કેદ કરી લે છે.આ બાજું હસ્તિનાપુરના રાજવંશનો કોઇ વારસદાર ન હોવાથી દ્વૈપાયનની જરુરિયાત ઊભી થાય છે કારણ કે માતૃપક્ષે તે ચિત્રવીર્ય અને વિચિત્રવીર્યનો સગોત્ર છે.દેવવ્રત દ્વૈપાયનને પ્યાદુ બનાવી વારસદાર મેળવવામાં સફળ થાય છે તો જેને અનાર્યાવર્તનું સ્વપ્ન જોયુ હતું એ જ એ સ્વપ્નને અસફળ બનાવે છે આ રીતનો નાટ્યસંઘર્ષ અહી પ્રસ્તુત થયો છે.તો સત્યવતીના પાત્રમાં મહારાજ્ઞી અને માછીમાર કન્યા વચ્ચેનો આંતરિક મનોસંઘર્ષ બતાવવામાં પણ સર્જક સફળ થયા છે.

અંતિમ ધ્યેયઃ

સંગ્રહમાં સમાવિષ્ટ આ બીજુ નાટક છે.તેનું કથાવસ્તુ મહાભારતમાંથી લેવામાં આવ્યુ છે.નાટયકારે મૂળમાં કેટલાક ફેરફારો કર્યા છે તો જર અને ચાકુ જેવા કાલ્પનિક પાત્રોનું નાટકના વસ્તુને ઉપકારક થાય એ રીતે સર્જન કર્યુ છે.સૂત્રધાર અને નટિ શૂન્ય આ નાટકનો દોરીસંચાર કરતા પાત્રો છે અવાજ અને માણસ.બે અંક અને પાંચ દૃશ્યમાં આ નાટક વહેચાયેલું છે.પ્રથમ અંકના પ્રથમ દૃશ્યમાં માણસ અને અવાજ વચ્ચે સાડા ત્રણ પાનાનો દીર્ઘ સંવાદ છે.માણસ એ જનસામાન્યનું પ્રતિનિધિત્વ કરતું પાત્ર છે તો અવાજ એ સમયનું કહો કે સત્તાધારી-સવર્ણ સમાજનું પ્રતિનિધિત્વ કરે છે.માણસની સમય સામે ફરિયાદ છે કે તેને હંમેશા ઉપેક્ષિત રાખવામાં આવ્યો છે.બન્ને વચ્ચે થતાં સંવાદના કેટલાક અંશ જોઇએ

"અવાજઃ માણસ તું વ્યર્થ ફાંફા મારે છે.હું સમય છું.તારા નામ બદલું છું.ગામ બદલું છું.વન બદલું છું.ક્રિયાઓ બદલું છું.મારે જ ઈશારે સૌ સુંદર બને છે.મારે ઈશારે ઈતિહાસ રચાય છે.ઈતિહાસ ભૂંસાય છે.ઈશ્વર સર્જાય છે.ઈશ્વર નાશ પામે છે.ઈતિહાસ.(અટ્ટહાસ્ય)તારે તારો ઈતિહાસ લખવો છે.તારો પૂર્વ ઈતિહાસ તું જાણે છે?તું માણસ છે સાવ પામર... !

માણસઃચૂપ કર!હું પામર નથી.હું માણસ છું.હું મારા પૂર્વ ઈતિહાસો જાણું છું.અને તું પણ જાણે છે તેઓ જાણે છે.,મને ઈતિહાસના...આ રચાયેલા ઈતિહાસનાં પાનાઓની બીજી બાજુની ખબર છે.તનેય ખબર છે.તું ભીરુ સાવ કંગાળ...હું માણસ છું.તારે સાંભળવા છે મારા ઈતિહાસના ગાન?જોવા છે મારા ઈતિહાસની પીઠે વીઝાયેલા કોરડાના સોળ...જોવા છે ને!મને બરોબર સ્પષ્ટ દેખાય છે.તને યાદ છે સમય,પેલ્લું દૃશ્ય...પેલા ભીલકુમાર એકલવ્યના અંગૂઠા પર તૂટી પડેલા પાંડવકુમારો.પેલો બ્રાહ્મણ...દ્રોણ...અને...

અવાજઃલખાયેલા...રચાયેલા ઈતિહાસને ખોટો ઠેરવવા મિથ્યા પ્રયત્ન ન કર.

માણસઃકેમ!તને સાચો ઈતિહાસ સાંભળવાની,સમજવાની આદત નથી ને.સાંભળ સાચો ઈતિહાસ કહું છું.ભીલકુમાર એકલવ્યને તું ઓળખે છે?દ્રોણ અને અર્જુનને ઓળખે છે?અર્જુન માટે એકલવ્યના અંગૂઠાનું હનન કરવામાં આવ્યું.છળકપટ અને દંભથી,મારે એ દંભીઓના ચહેરાઓને ખુલ્લા કરવા છે.ઈતિહાસને ફેર લખીને...ફરીથી લખીને...ઈતિહાસના ગુનેગારોનો વિનાશ ઈચ્છવો છે.મારી કલમે ચલાવીને.

અવાજઃતારી કલમ!(અટ્ટહાસ્ય),તું મૂર્ખ છે.તને આજ દિન સુધી અંધારામાં રાખવામાં આવ્યો છે.શુદ્ર બનાવી,દસ્યુ અને દાસ બનાવી,સાંથાલ બનાવી નાગ અને જામ્બુવંત-રીંછ બનાવી.ગુલામ બનાવી...શુદ્રાય ન મતિ દધાય!શુદ્રાય ન મતિ દધાય!

માણસઃચૂપ કર...સમય!હવે તારું શાસ્ત્રવચન ફોક થઈ ગયું છે.સાવ ફોક થઈ ગયુ છે.જો આ કલમ મારા હાથમાં...હવે તે લખે છે...મારે તારી...તેઓની પરંપરાઓ બદલવી છે.નેસ્તનાબૂત કરવી છે.એટલા માટે જ આ કલમ ઉઠાવી છે.જો આ કલમથી હું શું શું કરી શકું છું."[૨૯]

અત્યાર સુધી શિક્ષણથી  ભારતના બહુજન વર્ગને ષડયંત્રપૂર્વક,દમનકારી નીતિઓ દ્વારા વંચિત રાખવામાં આવ્યો હતો જેથી તેનામાં હિન્દુ ધર્મની અન્યાયપૂર્ણ તેમજ અમાનવીય જાતિવ્યવસ્થા વિરુદ્ધ કોઈ પ્રશ્ન ન થાય.અસમાનતાઓથી ભરેલા ધાર્મિક ગ્રંથોનું આંધળું અનુકરણ કરતા રહે.પણ હવે સમય બદલાયો છે.બહુજનવર્ગનો શિક્ષણથી જાગૃત થયેલો માણસ હવે પોતાનો હાંસિયામાં ધકેલાયેલો ઈતિહાસ વાચી શકે છે એનું અર્થઘટન બહુજન દૃષ્ટિકોણથી કરી શકે છે.

મુખ્ય પરંપરાએ એટલે કે આર્ય પરંપરાએ કૃષ્ણને યુગનાયક તરીકે અધર્મના વિનાશ માટે અવતાર ધારણ કરનાર તરીકે જ આલેખ્યો છે. અને એ સીવાયની પરંપરાના નાયકોને નકારાત્મક તેમજ માનવજાત માટે વિઘાતક જ પોતાના શાસ્ત્રોમાં ચિત્રિત કર્યા છે.

શિક્ષણ મળતા હવે દલિતજન પોતાનો ઈતિહાસ રચી શકે છે.એટલું જ નહી કહેવાતા મનુવાદીઓ દ્વારા રચાયેલા ઈતિહાસમાં પોતાના મહાનાયકોને થયેલા અન્યાયને જોઈ શકે છે.માણસ આવો જ એક પ્રશ્ન અવાજને પૂછે છે પોતાના નાયક એકલવ્યની છળકપટથી કરેલી હત્યા સંદર્ભે.અને એમ નાટકના મૂળ પ્રશ્ન પર આપણે આવીએ છીએ.ઘોર અરણ્યમાં કુટિર પાસે કેટલાક લોકો બેઠા છે તેમનો પરિચય માણસ આપે છે.જેમાં હિરણ્યધનુપુત્ર એકલવ્ય,એકલવ્યપુત્ર જર,અને એકલવ્યપુત્રી ચાકુ છે.જંગલોમાં આર્યોની વધી રહેલી કનડગત સામે ચિંતા કરી રહેલા એકલવ્ય શાંતિની સ્થાપના માટે વિજયોત્સવ ઉજવવા માંગે છે.ત્યાં જ તમુલ આવીને વાર્ણાવર્તમાં પુલોચન અને નાગપરિવારના થયેલા વિનાશની વિગતે વાત કરે છે.પાંડવોના વિનાશ માટે લાક્ષાગૃહનું કાવતરું પુલોચન દ્વારા ગોઠવવામાં આવ્યુ હતું પણ પાંડવોને એની જાણ થતા તેમણે પુલોચનને ભોળવી એક દિવસ લાક્ષાગૃહમાં રાત્રિભોજનની વ્યવસ્થા ગોઠવી.નાગપરિવારને એ માટે આમંત્રણ પાઠવ્યુ.બધા માછલી,ભાત અને મદિરા પીને મસ્ત બની આરામ કરતા હતા ત્યારે લાક્ષાગૃહના દ્વાર બંધ કરી,નાગપરિવાર સહિત પુલોચનનેય બાળી મુકવામાં આવ્યા.આમ થતા જંગલનું ઘણુ નુકશાન થયુ.લાક્ષાગૃહ બનાવવા માટે હજારો વૃક્ષો કાપવામાં આવ્યા.હજારો ભીલ-દાસો કામમાં આવી ગયા.એટલુ જ નહી પાંડવોએ જંગલમાં રહેતા પશુ-પંખીઓને પણ નુકશાન પહોચાળ્યું.જંગલમાં લાગેલી આગથી વધારે નુકશાન ન થાય એ માટે આગ રોકવાના પ્રયત્નો થયા જેમાં પાંડવો ભાગવામાં સફળ થયા.આખી વિગત જાણ્યા પછી એકલવ્ય દુઃખી થાય છે.પાંડવોની સત્તાલાલસાને લીધે જંગલવાસીઓને ઘણું વેઠવુ પડે છે.જંગલોમાં ફરી શાંતિપ્રિયતા સ્થપાય એ માટે યુદ્ધનો પક્ષ લેવા એકલવ્ય તૈયાર થાય છે અને આ માટે સમગ્ર જંગલવાસીઓને એક થવા આહ્વાન કરે છે.

બીજા દ્રશ્યમાં અકલ્પ અને યાકુ વચ્ચેના સંવાદો દ્વારા જાણવા મળે છે કે જરાસંઘના વિષ્ટિકાર-સંદેશાવાહક તરીકે જંગલમાંથી પસાર થતા એકલવ્યનું કૃષ્ણએ છળકપટથી ખુન કર્યુ છે.નિરાશ વદને બેઠેલી યાકુને અકલ્પ ચાલી રહેલી સઘડી ગતિવિધિઓથી માહિતગાર કરે છે.યુદ્ધમાં પાંડવોનો વિજય નક્કી છે તેથી યુદ્ધમેદાને કૃષ્ણને મારવો સહેલો નથી તેથી અજ કૃષ્ણનો પીછો કરી રહ્યો છે.યાકુ પોતાની પ્રતિજ્ઞા અકલ્પને જણાવે છે અને અજને પોતાનો સંદેશો જણાવે છે.પોતાના હાથે બનાવેલા તીરથી કૃષ્ણને મારવામાં આવે એમ તે ઈચ્છે છે.એટલુ જ નહી કૃષ્ણને મારવાની જવાબદારી પોતે લેવા માંગે છે.સ્ત્રીઓને યુદ્ધમાં ભાગ લેવાનો અધિકાર નથી એના પ્રત્યુત્તર રુપે તે જણાવે છે કે"સ્ત્રીઓ યુદ્ધમાં ભાગ નથી લેતી?અરે!એમણે સૌથી વધારે યુદ્ધની યાતનાઓ વેઠી છે.અને યુદ્ધથી પુરુષ કરતાં વધારે સ્ત્રીઓ મરી છે.એમના દુઃખની કોઇ સીમા નથી...(અટકે છે)સ્ત્રીઓ રણાંગણમાં જતી નથી,પણ યુદ્ધને સારી રીતે સમજે છે.યુદ્ધ એ લડે છે રણમાં ગયા વિના.સ્ત્રી પોતાના ભાઈ,પતિ,પિતા,પુત્ર ગુમાવે છે.અને એ ગુમાવવા સામે હથિયાર ન ઉઠાવી શકે,સ્ત્રી યુદ્ધમાં ભાગ લે એ ખોટું નથી.અને હું...હું તો કૃષ્ણને મારવા ચાહું છું.કૃષ્ણને હણવા હથિયાર ઉઠાવવા છે ફક્ત પિતૃતર્પણ માટે...પુરુષો એકલા જ પિતાનું ઋણ ચુકવે એ મને માન્ય નથી.હું એકલવ્યની પુત્રી યાકુ!મારે એમની હત્યાનો બદલો લેવો જ જોઈએ."[30]યાકુ છેલ્લીવારના પોતાના ભાઈ અને દાદાજીને મળવાની ઈચ્છા અકલ્પને જણાવે છે તો અકલ્પ પણ પોતાનું અંતિમ ધ્યેય કૃષ્ણનું મૃત્યુ છે એમ યાકુને જણાવે છે.

અંક બેનાં પ્રથમ દ્રશ્યમાં યુદ્ધનો પરિતાપ શમાવવા યાદવો પ્રભાસને કિનારે જવાના છે ત્યા તેમને ઘેરી કઈ રીતે આંતરવા એની સઘળી યોજનાની જાણકારી આપણને યાકુ,અકલ્પ અને આલક્ષ્ય વચ્ચેના સંવાદો દ્વારા મળે છે.યાકુ પોતાના ભાઈ અજ વિશેના સમાચાર અકલ્પ પાસેથી જાણવા મળે છે.અકલ્પ આ બાબતે જણાવે છે કે કૃષ્ણ દ્વારિકા છોડી પ્રભાસને કિનારે જઈ રહ્યો છે ત્યાં જ કદાચ અજ કૃષ્ણને ઘેરીને પતાવી દેશે તો યાદવોનાં સંહાર માટેની પણ યોજના દાદાજીએ અને બધાએ મળીને ગોઠવી રાખી છે એ બાબત જણાવે છે.

બીજા દ્રશ્યમાં પ્રભાસના તીર્થે પહોચેલા યાદવો જલાભિષેક પછી મંદ્રક અને તીમરના વનવાસીઓએ લાવેલા આસવ પીને ગાંડા થઈ ગયા અને વનવાસી કન્યાઓની છેડતી કરતા દાસ-દસ્યુ-ઢીમરની અકળામણ વધી ગઈ.જેમાં જરે યાદવશ્રેષ્ઠ પ્રદ્યુમ્નને તીર મારી વીંધી નાખ્યો એ પછી યાદવો વચ્ચે અંદરોઅંદર ઝપાઝપી થઈ અને સમગ્ર યાદવવંશનો નાશ થયો એ વાત આલક્ષ્ય હિરણ્યધનુ અને યાકુને જણાવે છે.હિરણ્યધનુને કૃષ્ણના મૃત્યમાં રસ છે તેથી અજ અને કૃષ્ણ વિશે પુછે છે.જવાબમાં આલક્ષ્ય કૃષ્ણ વેળાવર્ણ છોડી કોઈક અજ્ઞાત સ્થળે ગયો છે અને જર પણ તેની પાછળ પડ્યો છે એની માહિતી આપે છે.

ત્રીજા દ્રશ્યમાં જર કૃષ્ણને શોધવામાં સફળ થાય છે અને કૃષ્ણને પોતાના હાથે મોતને ઘાટ ઉતારે છે.મારતા પહેલા અજ કૃષ્ણને તેના ઢોંગી,અન્યાયી કૃત્યો યાદ કરાવે છે.પછી એ કહે છે

"જરઃચાલ હવે વધારે નથી કહેવું.અશાંતિનો છેલ્લો અંકુર હવે મારે વાઢી નાખવો છે.

કૃષ્ણઃ(નિરાશ થઈને)ના,ના,હવે મારે નથી લડવું.મારે હથિયાર ધારણ નથી કરવા.મને મૃત્યુ આપ.

જરઃએમ મોત નહી મળે કૃષ્ણ!તમે આર્યોએ ઘડેલા નિયમ મને ગમે છે.આ છેલ્લાવેલ્લા યુદ્ધ માટે મારે આર્ય થવું છે.અમારા નિયમોનો અમલ કરવો હોત તો અમે કરી લેત.તને તારા સર્જેલા નિયમોના ચક્રમાં પીસવો છે.ચક્ર ઉઠાવ,ઉઠાવ ચક્ર."[31]

કૃષ્ણ ધીમેથી ઊભા થઈ ચક્ર ધારણ કરવાનો પ્રયત્ન કરે છે પરંતુ જર તીર મારીને સુદર્શન ચક્ર તોડી નાખે છે.આ જોઈ કૃષ્ણ નિસાશો નાખતા જણાવે છે"ઓહ!શું હું નિશસ્ત્ર!આ મારી નિયતિ?"જર એને કહે છેઃતારા નિયમ સૌ અહીં પૂર્ણ થયા."[32]કૃષ્ણ ભાગી છૂટવાનો પ્રયત્ન કરે છે ત્યારે જર પોતાની બહેન યાકુ દ્વારા પ્રતિશોધપૂર્વક બનાવવામાં આવેલ તીર મારીને વીંધી નાખે છે અને એ રીતે તે પિતૃતર્પણ કરે છે.

આ નાટક સંદર્ભે ડૉ.પરમ પાઠક જણાવે છે"પ્રતિભાવંત સર્જકો જમાને જમાને મીથનો અર્થક્ષમ વિનિયોગ કરતા જ રહે છે.ને આ રીતે પોતાના સમયની વેદનાને વેધક રીતે,કલાત્મક રીતે આલેખે છે.નવાં નવાં અર્થઘટનો દ્વારા બ્રહ્માંડ સમાણી ચૈતસિક સંકુલતાના અવનવાં પરિમાણો પ્રગટાવતા હોય છે.છતાં કૃષ્ણ જેવા પાત્રને આ હદ સુધી-આ અંતિમે લઈ જવું એ ચિંત્ય ગણાય.અહીં જ રસાનુભવ ન થાય.રસાભાસ જ થાય.ઔચિત્ય જેવો પણ કોઈ વિવેક હોય છે.કૃષ્ણ અંગેના એક અંતિમવાદી અર્થઘટનરુપે દલપત ચૌહાણના કૃષ્ણ યાદ રહેશે."[33]

પાત્રાલેખનઃ

અંતિમ ધ્યેય નાટકના મુખ્ય પાત્રો જર,યાકુ,કૃષ્ણ છે તો ગૌણ પાત્રો એકલવ્ય,હિરણ્યધનું અને નાટકમાં આવતા અન્ય પાત્રો છે.

એકલવ્યઃ

મહાભારતમાં આવતું એક એવું પાત્ર છે જેને ગુરુદક્ષિણાના વિષયમાં મહાન ચિતરવામાં આવ્યુ છે.ગુરુ પ્રત્યેની નિષ્ઠાના રુપમાં એકલવ્ય એટલો પ્રસિદ્ધ ચિત્રિત કરવામાં આવ્યો છે કે એના જીવનની અન્ય બાબતો વિશે કોઈ પ્રશ્ન જ ન કરી શકે.મહાભારતમાં આ પાત્રના જીવન વિશે એટલી વિગત પૂર્ણ માહિતી મળતી નથી.એકલવ્ય જરાસંધના સેનાપતિ તરીકે સંધિવિગ્રાહક બનીને જાય છે ત્યારે નિઃશસ્ત્ર એવા એકલવ્યને  કૃષ્ણ મારી નાખે છે.આ નાટકમાં લેખકે એકલવ્યના પાત્રને કેંદ્ર બનાવી કૃષ્ણના વધને 'અંતિમ ધ્યેય'તરીકે રજુ કર્યુ છે.તે યુદ્ધનો નહી પણ શાંતિનો ચાહક છે .શસ્ત્ર તેને પસંદ નથી.બુદ્ધની વિચારસરણીના દર્શન આપણને આ પાત્રમાં થાય છે.

કૃષ્ણ

જેનો વધ એ જ અનાર્યોનો હિરણ્યધનું પૌત્ર જર અને પૌત્રી યાકુનું અંતિમ ધ્યેય હતું એ ગોપાલક-યદુવંશી કૃષ્ણનું પાત્ર તો નાટકના અંતિમ દૃશ્યમાં જોવા મળે છે.પ્રભાસમાં યાદવો-યાદવો વચ્ચે થયેલા સંહાર પછી હારેલો કૃષ્ણ જંગલમાં એક ઝાડ નીચે શાંતિથી બેઠો છે ત્યાં જ જર તેની સમક્ષ

ઉપસ્થિત થાય છે.પોતાના પિતાની હત્યા(આમ તો લાખો માનવોના સંહાર માટે તે જવાબદાર છે)કૃષ્ણએ કપટનીતિથી કરી હતી એમ જર કહે છે ત્યારે કૃષ્ણ કહે છે તે તો યુદ્ધમાં વીરગતિ પામ્યો હતો પણ જર આગળ તેની સમજાવટ સફળ થતી નથી.પોતે ચક્રની વિદ્યા કોઇને વહેચી ન હતી એના સંદર્ભે તે કહે છે આ શસ્ત્રને તે પોતાની સાથે માનવકલ્યાણ અર્થે અસ્તના આરે મુકવા માગતો હતો તેથી અન્યને વિદ્યા વહેચી ન હતી એમ દલીલ કરે છે.

અનાર્યોનું નિકંદન કાઢવામાં કૃષ્ણનું અહમ યોગદાન હતું એવો આરોપ જર કૃષ્ણ ઉપર લગાડે છે ત્યારે કૃષ્ણનું પાત્ર કહે છે કે"વિનાશ અને વિકાસ સમાંતરે ચાલે છે.જે સમજે એ જીતે.એ વિકાસની ગતિ હતી.તમારા માણસો તેની સાથે તાલ મેળવી ન શક્યા"[૩૪]માનવસંહાર માટે પોતે તસુભર જવાબદાર નથી પોતે નિર્દોષ છે એમ કહે છે.જર યુદ્ધ માટે લલકારે છે ત્યારે પોતાની નીતિ પ્રમાણે કહે છે કે તેને યુદ્ધ નહી શાંતિ જોઇએ પણ યાદવકુળનો નાશ થયો છે એવા સમાચાર સાંભળતા જ તે જર ઉપર ગુસ્સે થાય છે અને ચક્ર ધારણ કરવાનો પ્રયત્ન કરે છે.સર્જકે અહી કૃષ્ણના પાત્રને પુરો માનવીય ચિત્રિત કર્યો છે.આ નાટકમાં આલેખાયેલા કૃષ્ણના પાત્ર સંદર્ભે સંજય શ્રીપાદ ભાવે જણાવે છે"કૃષ્ણના પાત્રનું અહી જે રીતે ચિત્રણ થયું છે તેવું ચિત્રણ ગુજરાતી સાહિત્યમાં;ખા સ તો તેની મુખ્ય ધારામાં જોવામાં આવ્યું નથી.સંત સાહિત્યના કૃષ્ણ,ભક્તોના કૃષ્ણ છે.આધુનિક સમયમાં ક.મા.મુનશી,ઉમાશંકર જોશી,દર્શક,રઘુવીર ચૌધરી,હરીન્દ્ર દવે એમ સહુએ કૃષ્ણના પાત્રનું વીર,દેવ,ઉદ્ધારક એવા વિવિધ તેજસ્વી સ્વરુપોમાં નિરુપણ કર્યુ છે.તેમાંથી કૃષ્ણના સંહારક પાસાનો અછડતો ઉલ્લેખ સુદ્ધા કર્યો નથી.એટલે એ અર્થમાં પણ આ નાટક અસાધરણ ગણાય.વધતી જતી અસહિષ્ણુતાના આ દિવસોમાં કૃષ્ણના પાત્રનું આ રીતે ચિત્રણ કરવું એ સર્જકનું સાહસ ગણાય."[૩૫]

તો પરમ પાઠક આ નાટકમાં આલેખાયેલા કૃષ્ણના પાત્ર સંદર્ભે જણાવે છે"મુખ્ય પરંપરાએ-આર્ય પરંપરાએ કૃષ્ણને જશોદાનંદન,ગોપિકાવલ્લભ કે યુગનાયક તરીકે જોયા છે.એમના વ્યક્તિસ્વરુપમાં વૈશ્વિક અને પરાત્પર સ્વરુપનું પણ આલેખન કર્યુ છે.હા,પ્રેમાનંદના અભિમન્યુ આખ્યાનમાં કૃષ્ણને ખલનાયક આલેખ્યા છે.અભિમન્યુના વધ માટે અનેક કાવાદાવા કરતા કૃષ્ણનું આલેખન પરંપરાને ચીતરીને થયું હતું.જો કે ખટપટ કરતા સામાન્ય રાજાની હદે એમાં હસ્વીકરણ થઇ ગયું હતું.દલપત ચૌહાણે આ દિશાને આગળ ખેડી છે."[૩૬]

યાકુઃ

મૂળ મહાભારતમાં આ પાત્ર નથી.આ પાત્ર લેખકનું પોતાનું સર્જન છે.એકલવ્યની પુત્રી તરીકે આ પાત્રને નાટકમાં બતાવવામાં આવ્યુ છે.પોતાના પિતાની હત્યાનો બદલો લેવા તે સતત ઉત્સુક છે.એટલું જ નહી પોતાનો ભાઇ જર જો કૃષ્ણની હત્યા કરવામાં નિષ્ફળ જશે તો પોતે આ કામ હાથમાં લેશે એમ જણાવે છે.તે દાદા હિરણ્યધનુને  કહે છે

યાકુઃકૃષ્ણની હત્યા પછી આપણે જંગલોની શાંતિમાં લાગી જવું જોઇએ.અન્યોના મૃત્યુથી આપણને શું લાભ?આપણે તો...જર સફળ થાય.

હિરણ્યધનું:જરુર સફળ થશે.એને સફળ થવું પડશે.સફળતા એણે મેળવવી રહી.તેમાં આપણા અસ્તિત્વનો સવાલ છે.

ચાકુ:જર..(આકાશ તરફ જોઈને)ભાઈ તારે સફળ થવું જ પડશે.કૃષ્ણનું મોત મારા તીરથી અને તારા હાથે નિશ્ચિત છે.એને કોઈ રોકી શકે એમ નથી..જ નથી..

હિરણ્યધનું:ચાકુ...ભાવુક ન બન.આ સમય ગુસ્સો ટકાવી રાખવાનો છે.

જલપ:દાદાજી સત્ય કહે છે...

ચાકુ:(હિરણ્યધનુ તરફ નજર નોંધતા)અને કદાચ જ સફળ ન થાય તો?હું જીવતી બેઠી છું ને,બસ દાદાજી તમારે મારી વાત માનવાની છે.તમે અને જરે મને આશ્વાસન આપ્યું છે.હું ધનુષ્ય ધારણ કરીશ"[૩૭]

તો વળી તે શાંતિની પણ ચાહક છે.કૃષ્ણ સીવાય કોઈ માનવને જાનહાની ન થવી જોઈએ એમ તે માને છે અને યુદ્ધના નહી પણ શાંતિના ચાહક છે એમ કહે છે.

જર:

એકલવ્યના પુત્ર તરીકે આ પાત્રનું આલેખન થયુ છે.આ પાત્ર સર્જકનું પોતાનું સર્જન છે.નાટકના મુખ્ય પાત્ર તરીકે તે આલેખાયુ છે.પોતાના પિતાની હત્યાનો બદલો લેવાની જવાબદારી તેના માથે છે.પોતાના પિતાની જેમ તે પણ શાંતિનો ચાહક છે.યુદ્ધ તેને પસંદ નથી તેમ છતાં લાખો લોકોની હત્યા માટે અને ખાસ તો પોતાના પિતાની હત્યા જેને કરી છે તે કૃષ્ણનું મોત તે ઈચ્છે છે.નાટકના અંતિમ દૃશ્યમાં કૃષ્ણ સાથેના સંવાદોમાં આ પાત્ર આપણને આકર્ષી જાય છે.ચાકુ યુદ્ધમાં હણાયેલા નિર્દોષોના પ્રતિનિધિ તરીકે કૃષ્ણ પાસે હિસાબ માંગે છે અને કૃષ્ણના સ્વજનોની વિનાશગાથા સંભળાવ્યા વિના તેને મારતો નથી.યુદ્ધ એ તો આર્યોની પેદાશ છે.અનાર્યો ક્યાંય યુદ્ધને માન્યતા આપતા નથી.હંમેશા શાંતિના ચાહક છે.એકલવ્ય તેમજ તેના પુત્ર-પુત્રી ચાકુ અને જઅ પણ યુદ્ધને ધિક્કારે છે.પોતાનું અંતિમ ધ્યેય સિદ્ધ થતાં શસ્ત્રોનો વિનાશ કરે છે.

ભાષાશૈલી:

'અંતિમ ધ્યેય'નાટકની ભાષાશૈલી સંદર્ભે વાત કરીયે તો આ નાટક પણ મહાભારતના કથાવસ્તુ પર આધારિત હોવાથી શિષ્ટ–તત્સમ ભાષાનો જ પ્રયોગ થયેલો છે.પાત્રોચિત ભાષા અહી પ્રયોજાયેલી જોવા મળે છે.બીજા અંકના અંતિમ દૃશ્યના જર અને કૃષ્ણ વચ્ચેના સંવાદો આ નાટકનું આકર્ષક પાસું છે.અહી  દીર્ઘની સાથે ટૂંકા સંવાદોનું મિશ્રણ પણ થયેલુ જોવા મળે છે જુઓ

કૃષ્ણ:મારે હવે યુદ્ધ નથી જોઈતું.હું યુદ્ધોથી થાક્યો છું

જરઃકૃષ્ણ!અને...યુદ્ધથી થાકે!અસંભવ.જેટલા યુદ્ધ તેં કર્યા એટલા તો મેં હજી બીજે ક્યાંય સાંભળ્યા નથી.ભાઈભાઈ,કાકાબાપા,પિતરાઈઓ ને સગાસ્નેહીઓ લડાવ્યા છે...કૌરવ,પાંડવ,યાદવ,અનાર્ય કોને કોને તેં મરાવ્યા નથી?

કૃષ્ણઃયાદવ!હું ય યાદવ છું.હું કેટલાય સમયથી દ્વારિકા છોડીને નીકળ્યો છું.શાંતિ માટે!યાદવોનું શું થયુ હશે?એ મારા પોતાના છે

જરઃતારા યાદવોના સમાચા ર સાંભળવા છે?સમાચાર સાંભળવા છે?તેઓનો નાશ થઈ ગયો છે.

કૃષ્ણઃના...ના..એ શક્ય નથી.

જરઃ(અટ્ટહાસ્ય કરે છે)સત્ય અને શક્ય વચ્ચે અટવાઈ જવાનું તને નહી ફાવે કૃષ્ણ.

કૃષ્ણઃએ બની જ ન શકે.

જરઃસત્ય સત્ય હોય છે ભલે તારું હોય કે મારું-અમારું સત્ય કડવું લાગે છે કે? ”[૩૮]

નાટયસંઘર્ષઃ

'અંતિમ ધ્યેય'નાટકમાં સીધો સંઘર્ષ આલેખાયેલો આપણને જોવા મળે છે.કૃષ્ણની હત્યા એ યાકુ અને જરનું અંતિમ ધ્યેય છે જે સીધી રીતે આ નાટકમાં આલેખાયુ છે.અનાર્યાવર્તની જેમ આ નાટકમાં મનોસંઘર્ષનું આલેખન કોઈ પાત્રમાં થયેલું જોવા મળતું નથી.એકલવ્યની જેમ એના વારસદારો પણ શાંતિના ચાહક છે પરંતુ કૃષ્ણની કપટનીતિને કારણે જંગલના આદિવાસીઓને ઘણું બધું ગુમાવવું પડ્યું છે ઘણું નુકસાન વેઠવું પડ્યું છે અને તેથી જ તેમણે હથિયાર ગ્રહણ કર્યા છે.

૩.પાટણને ગોંદરેઃ

આ નાટક ત્રણ અંક અને સાત દૃશ્યોમાં વિભાજીત છે.વીર માયાના કથાવસ્તુ પર આ નાટક લખાયુ છે.સામાન્ય રીતે ઈતિહાસમાં વીરમાયાને તેના બલિદાન માટે ઓળખવામાં આવે છે.તે બત્રીસલક્ષણો પુરુષ હતો અને સિદ્ધરાજ જયસિંહે બંધાવેલા તળાવમાં પાણી ભરાય એ માટે કોઈક બત્રીસલક્ષણા પુરુષનો બલિ ચઢાવવો જરુરી હતો.જનસમાજના કલ્યાણ માટે માયો બલિદાન આપવા તૈયાર થયો હતો એમ માનવામાં આવે છે.અહી આ નાટકમાં દલપત ચૌહાણ ઈતિહાસના અંધારા ખુણામાં ધરબાય ગયેલી કેટલીક તથ્યમૂલક બાબતોને પ્રકાશમાં લાવ્યા છે.

પ્રથમ અંકના પ્રથમ દૃશ્યમાં રાજના સૈનિકો દલિત વસ્તીમાં આવીને તેમણે કરેલા કામનો હિસાબ અને જુલ્મી ફરમાનોનો મારો ચલાવે છે.દલિતો એટલે રાજના ગુલામો,પશુ કરતા પણ બદતર સ્થિતિ તેમની અહી રજુ થઈ છે.ઢોર માર મારે છતાં એક અક્ષર મોઢામાંથી તેઓ ઉચ્ચારી શકતા નથી.મહેનત-મજુરી કરવા છતાં ભૂખે મરવાનુ,કાપડ વણવા છતાં ઉઘાડા ફરવાનુ,સૂરજના અજવાળામાં જાહેર માર્ગ પર

ચાલવાનો અધિકાર નહી આવા ઘણા અત્યાચારોનો ભોગ તેમને બનવાનું.આ બધી બાબતો આપણને સૈનિકો વચ્ચેના સંવાદોમાંથી જાણવા મળે છે.ઘોડેસ્વારોના ગયા પછી દલિત લોકોમાં ચાલતી વાતચીતમાંથી તેમની સામાજિક-આર્થિક સ્થિતિથી વાચક પરિચિત બને છે.દલિત તરીકે જન્મ મળ્યો એને તેઓ નશીબનો ખેલ માને છે.હેમો,ખેમો,ભેમો,વાલો,ભગત,માચો આ બધા દલિત પાત્રોમાંથી માત્ર માચો બધાથી અલગ વિચારે છે.લોકોમાં જાગૃતિ લાવવાનુ કામ માચો કરે છે.મલક છોડી દેવાથી સમસ્યાનો હલ આવવાનો નથી તેથી આ જ મલકમાં રહીને માનવ તરીકે જીવવાનું માચો પસંદ કરે છે.મજૂરી કરવાનું,કાપડ વણવાનું,મરેલા કૂતરા-બિલાડા તાણવાનું બંધ કરી દેવા માચો બધાને જણાવે છે તો આ સાથે આમ કરવાથી આવનારી આફતોથી બધા ડરે છે.માચામાં ક્રાંતિના બીજ રોપનાર મહાત્માના થયેલા બુરા હાલથી બધા પરિચિત છે તેમ છતાં માચો બધાને હિમત પૂરી પાડવાનું કામ કરે છે.

આ અંકના બીજા દૃશ્યમાં માચાની આગેવાનીમાં અછૂતો નગરમાં પ્રવેશ કરે છે પાણી અને અનાજ માટે.બદલામાં તેમને મરણતોલ માર અને તેમના ઘરબારને સળગાવી મુકવામાં આવે છે.તેમ છતાં માચો બધાને હિમત નહી હારવા અને સાહસથી આગળ વધવા જણાવે છે.અહી માચો બધામાં સ્વમાનની ભાવના જાગૃત કરે છે.

"માચોઃઆપણા બાપદાદા વેઠ વૈતરું કરતા કરતા માર ખાતા જીવ્યા,માર ખાતા મર્યા.હવે તમને સચ્ચાઇ માટે માર પડતા બીક લાગે છે.મોતની બીક લાગે છે?ભુખની બીક લાગે છે.યાદ રાખજો કાલે તમને તમારા શ્વાસનીય બીક લાગશે.આ અછૂતપણાનો માર તો રુંવે રુંવે ભરાણો છે.એને મટાડવા આ માર તો ઘણો ઓછો છે.

ખેમોઃઆપણે તો બીક,માર અને ભૂખમાં જ જીવ્યા છીએ.આવી વાતો તો તારી પાસેથી જ સાંભળી.

વાલોઃપાણી માટે લડવું જોઇએ,એ તેં કીધુ,ભૂખ માટે હક્કથી માંગવુ જોઇએ.એવુ બાવજી કેતા,આપણને તો આવો વિચાર કદી આવ્યો જ નથી.અરે,માચા સ્વમાનની વાતો કહેતો હતો એ શું છે?

માચોઃસ્વમાનનો બીજો અરથ છે મોત!જેને મોત વહાલું હોય એને સ્વમાન મળે,છોકરાં તરસ્યાં હોય એ;જોઇ રહેવાથી સ્વમાન ન મળે.સ્ત્રીની આબરુ લુટાતી હોય ત્યારે ભોંચ ખોતરવાથી સ્વમાન ન મળે.એને માટે તો મા-બાપ,ભાઇ-બહેન સૌને હોમવાં પડે.

બધાંઃતારી વાત સાચી છે!હવે અમે મરવાથી ડરવાના નથી.હવેથી વેઠ નહી!માર નહીં...તું અમારો આગેવાન.

માચોઃભલે!રિબાઇ રિબાઇને મરવા કરતાં એક ઝાટકે મરવું સારું !

ભગતઃતારી વાત હજી પૂરી સમજાતી નથી.

માચોઃસમજાશે ભગત,બધુંય સમજાશે.સમય આવશે સૌ સારાવાનાં થશે.તમે મારા છો,હચં તમારો.તમને ખોટે રસ્તે નઇ લઇ જાઉં,આજ સુધી કરગર્યા,શું મેળવ્યુ?ધૂળ ને ઢેફાં !

ખેમોઃમાયા;મોત મોત કેવાથી મોત આવતું નથી.

વાલોઃમોત શા માટે?આપણે તો જીવવું છે.બધું માયાના ભરોસે છોડી દીધું.

માયોઃહા...આપણે સૌએ જીવવું છે.બાવજીએ કહ્યા હતા તેવા માણસ થઇને.મોત તો કોઇનેય નહીં છોડે.એતો આપણે માથે ભમે છે,ગીધની જેમ.આપણા હાડમાંસ ચૂંથે છે .એમાંથી છૂટવાનો એક જ માર્ગ છે.માંગવાથી કાંઇ મળતું નથી.ઝૂંટવી લેવાની ભાષા શીખવી પડશે.

બધાંઃભલે ગમે તે માર્ગ લેવો પડે !પણ માનવી થઇને જીવવું છે.

માયોઃતો ચાલો,ભૂલ્યા ત્યાંથી ફેર ગણીએ !એક આગમાં ઝૂંપડા ગયાં,એનાથી તો નવી હિંમત મળી આપણને.રાખમાંથી ફેર ઝૂંપડાં બનાવીએ !આજ મલકમાં રહીએ...અહીં જ માનવી થવું છે આપણે !”[૩૯]

આમ,માયાની આગેવાનીમાં દલિતો મલક છોડવાને બદલે સામનો કરવાનું નક્કી કરે છે.

બીજા અંકના પહેલા દશ્યમાં રાજદરબારમાં મહારાજા સિદ્ધરાજ જયસિંહને અછૂતોના ઉપદ્રવ બાબતે ફરિયાદ કરવા આવેલા નગરશેઠ,રાજગોરજી,રાજના ગુપ્તચર મધુગુપ્ત અને મહાઅમાત્ય મુંજાલ મહેતા વચ્ચેના સંવાદો નિરુપિત થયા છે.પાટણનગર ઉપર અછૂતો ચઢી આવ્યા અને અધર્મનું આચરણ કર્યુ તેવી ફરિયાદ નગરશેઠ રાજાને કરે છે તો રાજનો ગુપ્તચર મધુગુપ્ત પણ આ જ બાબત રાજાને જણાવે છે.અછૂતો રાણીવાવ,વીરાવાવ અને લોકકૂવાઓમાંથી પાણી ભરવા મરણિયા થયા છે.પાટણના રાજમાર્ગો પર સાથે નીકળ્યા છે.તેઓ હવે ધર્મએ નક્કી કરેલા નિયમો પ્રમાણે કૂલડી,ઝાંખરું અને ત્રીજી બાય કાઢી નાખવા છે.જો આમ થશે તો મહાઅનર્થ થશે તેથી જ નગરના બ્રાહ્મણો સરસ્વતીમાં સમાય જવા તૈયાર થયા છે.નગરશેઠ અને રાજગૌર પાસેથી અછૂતોના આવા વર્તન સાંભળી રાજા મધુગુપ્તને તેમના નાયકને શોધી કાઢી રાજદંડ દેવાની આજ્ઞા કરે છે પણ મહાઅમાત્ય તેમને આમ ઉતાવળે પગલુ ભરતા રોકે છે.આમ થતા અછૂતો ગૂર્જરભૂમિનો ત્યાગ કરશે જેથી રાજમાં મહામારી ફેલાવાનો ભય ઊભો થશે.આ દરમ્યાન રાજમહેલમાં થયેલા સંવાદો જોઇએ

“મુંજાલઃના મહારાજ.તેઓ બળવાન નથી,પરંતુ માયા અને ભગતને પકડવા જતાં અંત્યજો ગૂર્જરભૂમિ છોડીને ભાગી જશે.આપણા સઘળાં કામ રખડી પડશે.આખો મલક ગંદકી અને ઉકરડામાં ફેરવાઇ જશે.ખેતી માટે વેઠિયા ક્યાંથી લાવીશું મહારાજ?

રાજગોરઃઆપણાં મરેલા ઢોર,કૂતરા બિલાડા કોણ ખેંચી જશે?ગંદકી કોણ સાફ કરશે?અન્ય માર્ગ વિચારો મહારાજ.”[૪૦]તેથી મહાઅમાત્ય મુંજાલ મહેતા અન્ય માર્ગ નક્કી કરે છે જેથી કરીને સાપ પણ મરે અને લાકડી પણ ના તુટે.

દશ્ય બેમાં પાટણનગરમાં દાંડીવાળા મારફતે ઢંઢેરો પીટવામાં આવે છે કે સહસ્રલિંગ તળાવનું કામ પૂરુ થયુ છે છતાં ત્રણ-ત્રણ વર્ષથી મેઘરાજા મન મુકીને વરસતા ન હોવાથી રાજપુરોહિત જોશી મહારાજે ભવિષ્ય જોયુ છે કે જ્યાં સુધી સહસ્રલિંગ તળાવમાં બત્રીસલક્ષણા વીરપુરુષનું બલિદાન-નરબલિ ચઢાવવામાં નહી આવે ત્યાં સુધી પાણી નહી ટકે.આ માટે કોઇ બત્રીસલક્ષણો પુરુષ જાતે બલિદાન આપવા

તૈયાર હોય તેવા પુરુષની શોધ ચાલી રહી છે.સાદ સાંભળી નગરજનો વચ્ચે ચાલી રહેલી વાતચીતને સાંભળવા રાજના ગુપ્તચર અને મધુગુપ્ત પણ ખેડૂત વેશે ફરી રહ્યા છે.મધુગુપ્ત અને ગુપ્તચર ત્રણ-ત્રણ વર્ષથી વરસાદ નથી વરસતો એ માટે અછૂતો-અત્યંજોને જવાબદાર ગણે છે.તેમના જ પાપે મેઘરાજા રુઠ્યા હોવાનું જણાવે છે.નગરજનો અછૂતોને તગેળી મુકવા તૈયાર થયા છે પણ એમ થતાં મરેલાં ઢોર કોણ તાણી જશે?કોષ માટે ચામડું કોણ પકવી આપશે?કપડા કોણ વણી આપશે?માર્ગ કોણ સાફ કરશે?મેલું કોણ ઉપાડશે?ખેતરોમાં વેઠ કોણ કરશે?જેવા પ્રશ્નો તેમની સામે ઊભા થશે.દાંડીવાળો બીજી વખત દાંડી પીટીને મહારાજનો આદેશ નગરજનોને સંભળાવે છે  કે જે બત્રીસલક્ષણો પુરુષ પોતાના જીવનનું બલિદાન આપવા તૈયાર થશે તેની ઇચ્છા રાજાધિરાજ પૂરી કરશે અને કોઈ નગરવાસી આવા પુરુષની જાણ કરશે તેને રાજા તરફથી ઇનામ આપવામાં આવશે.ત્રીજી વખત દાંડી પીટીને દાંડીવાળો જણાવે છે કે વરુણદેવને રીઝવવા માટે પોષ માસ પૂરો થતાં મહામાસની સાતમને દિને નરબલિ યજ્ઞ થશે.સવારે બત્રીસલક્ષણા વીરપુરુષ માયાનો વરઘોડો રાજમાર્ગો પર ફેરવવામાં આવશે.માયો અછૂત જાતિનો છે.ઢેડ જાતિનો છે.પોતાના આ બલિદાનના બદલામાં તેને પાંચ વરદાન રાજા પાસે માંગ્યા છે.અછૂતો હવે પગલું ભૂંસવા કમરે ઝાંખરું બાંધશે નહી,માથે ફાળકો બાંધશે નહી,આંગડીને ત્રીજી બાંય રાખશે નહી,પોશ...પોશ...બોલશે નહી.આ રાજઆજ્ઞા છે અને તેનો અમલ નહી કરનારને શૂળીએ ચઢાવવામાં આવશે.આ ઢંઢેરો સાંભળીને નગરજનોમાં આશ્ચર્ય વ્યાપી ગયુ છે કારણ કે બત્રીસલક્ષણો પુરુષ એક અછૂત છે અને તેના બલિદાનથી આવનાર પાણી નગરજનો પીએ એમ વીચારીને જ તેમને ધર્મભ્રષ્ટ થયાની અનુભૂતિ થાય છે.હળાહળ કળિયુગ ચાલી રહ્યો હોવાની ખાતરી થાય છે.ઢેઢા અને સવર્ણો સરખા એ વાત જ તેઓ સ્વીકારી શકતા નથી.

ત્રીજા અંકના પહેલા દશ્યમાં અછૂત વસ્તીમાં ખબર લઈને આવેલા ભગત માયાના બલિદાનની વાત બધાને કરે છે.રાજાએ છળકપટથી અછૂતોના નાયક માયાને મારવાની યોજના ગોઠવી છે.તે ભગત સારી રીતે સમજે છે.વાત જાણી ભેમો,ખેમો અને વાલજી તેમજ અન્ય માયાને કોઈપણ ભોગે બચાવવા તેમજ મલક છોડી દેવાની હઠ પકડે છે પણ માયો પોતાના નિર્ણયથી બદલાતો નથી.પોતાના બલિદાનના બદલામાં તેણે રાજા પાસે અછૂતોને માણસ ગણવાનું વરદાન માંગ્યુ છે પણ ભગત માયાને રાજાના વચન ઉપર વિશ્વાસ ન રાખવા જણાવે છે.રાજાનો હુકમ ધર્મ આગળ ચાલશે નહી અને પ્રજા-નગરજનો આ વાત સ્વીકારશે નહી એ વાસ્તવિકતાથી પણ માયાને અવગત કરાવે છે તેમ છતાં માયો પોતાના સમાજના ઉદ્ધાર માટે પોતાનું બલિદાન આપવા તૈયાર થાય છે.

ત્રીજા અંકના બીજા દશ્યમાં માયાને બલિદાન આપવાનો સમય થઈ ગયો હોવાથી તેનો વરઘોડો જોવા અછૂત વસ્તીના લોકો તૈયાર થયા છે પણ રાજના સૈનિકો આવી તેમને મનાઈ ફરમાવે છે તેમજ રાજાનો હુકમ જણાવતા કહે છે કે તમારે ગળે કુલડી,કમરે ઝાંખરુ અને પોશ...પોશ બોલવાનું ભૂલવુ નહી.રાજાનો આદેશ જાણી ભગત,ખેમો તેમજ વાસના અન્ય લોકોને માયા સાથે છળકપટ થયાનું ભાન થાય છે.ઢેડ માયો બલિદાન આપવાનો હોય તેમ છતાં અછૂતોને એ જોવાની પરવાનગી નથી.માયાનું સ્વપ્ન નહી ભૂલવાનું નિશ્ચિત કરીને વાલો બધાને તૈયાર કરે છે વિદ્રોહ માટે.રાજાના આદેશની

અવગણના કરીને સહસ્રલિંગ તળાવે પહોચવાની તૈયારી કરે છે.ભગત બધાને હિંમત પૂરી પાડતા જણાવે છે"હવે પોશ પોશ બોલવું નહી...મારો...મારો...કાપો...કાપો બોલજો.હિંમત રાખજો.મોત સિવાય આપણને કોઇ નહી રોકી શકે.ઝાખરું કુલડી રાજાની છાતીમાં મારીશુ ને કહીશું લે દિયોર રાજા...કુલડી તારે ગળે ભરાય,લે તારી કમરે ઝાંખરું...લે તારા અંગરખા કાઢી બાંડિયું પહેર...બસ હવે લાગે છે મારો જન્મારો સફળ થયો.અલ્યા તૈયાર થાવ બધા..."[૪૧]આમ,માયાનું બલિદાન અછૂતોમાં ચેતના જગાવવાનું કામ કરે છે.અછૂતો નગર પર ચઢી આવે છે.

ત્રીજા દશ્યમાં અછૂતો જ્યાં માયાની ચિતા બળતી હતી ત્યાં પહોચી જાય છે અને સિપાઇઓની અવગણના કરે છે.તેમની કોઈ વાત માનતા નથી.માયાએ બલિદાન આપ્યુ હોવા છતાં સહસ્ત્રલિંગ તળાવમાં પાણી આવતુ નથી તેથી અછૂતો રાજાને ધિક્કારે છે પણ માયાના બલિદાનને અને રાજાએ પિટાવેલી દાંડીને યાદ રાખવા બધા પ્રણ લે છે અને માયાએ કીધુ હતુ એમ પાચ વાના છોડી દેવાનું નક્કી કરે છે.માયાની સળગતી ચિતાની સાક્ષીએ તેઓ સોગંદ ખાય છે"માયા તારી ચેહની સોગંદ ખાઇને કહીએ છીએ કે હવે જે વાનાં તે છોડાવ્યા,તેને ફરીથી ધારણ નહી કરીએ.તારું મોત ઊજળું કરીશું."[૪૨] આમ,વીર મેઘમાયાની લોકકથા પરથી આ નાટકનું કથાવસ્તુ લેવામાં આવ્યુ છે.દલિત નાટ્યકારે આ લોકકથામાં વીર માયાના બલિદાન વિશેની જે ગેરસમજો હતી તેને દૂર કરવાનો અને તેના બલિદાન પાછળના સાચા કારણોને સ્થાપિત કરવાનો આ નાટકમાં પ્રયાસ કર્યો છે.

માયોઃ

આ નાટકનું કેંદ્રવર્તી પાત્ર છે.નાટકનું કથાવસ્તુ આ પાત્રની આસપાસ વણાયેલું છે.માયાનું પાત્ર બધાને પ્રતિકાર માટે એકત્રિત-સંગઠિત કરવાનું કામ કરે છે.એકઠા થઈ માણસની જેમ વિચારવાનું કહે છે.ઉગેલા પાકને તૈયાર પાકને સળગાવી દેવાની,કૂવા વાવમાં મરેલા કૂતરાં બિલાડા નાખવાની,તેમજ આમ કરતા રાજ શૂળીએ ચઢાવે તો ચઢી જવાની તેમજ પાટણના રાજમાર્ગ પર પગલાં માંડવાની અને મોતથી નહી ડરવાની વાત કરે છે.તેની આ વાતમાં ભગત સીવાય બધા જ હાજિયારો પુરાવે છે જ્યારે ભગત તો આ બધાને નશીબનો ખે  ગણે છે.ઊચી વર્ણના થઇને બાવજીએ અછૂતોને ઉપદેશ આપ્યો તેથી રાજ્યએ તેને છળેચોક ઝાડ પર ફાંસીએ લટકાવામાં આવ્યો.જેમની લાશને માયો હિંમત કરીને ઉતારે છે.માયાની આગેવાનીમાં પાણી માટે તડફળતા અંત્યજો જાહેર માર્ગ પરથી નગરોમાં પ્રવેશ્યા છે.વળતી પ્રતિક્રિયા રુપે રાજના ઘોડેસવારો અંત્યજોને માર મારે છે.જાહેરમાર્ગથી નગરોમાં અંત્યજો પ્રવેશ્યા તેથી તેમને માર પડયો.માયો બધાને આ માર સહી જવાનું કહે છે.તે કહે છે કે આ આપણો વિજય છે.કારણ કે અંત્યજોનો પડછાયો સૂરજના અજવાળે પાટણના રાજમાર્ગ પર પડ્યો અને મહેલમાં વસનારા ગભરાયા.અંત્યજવાસમાં આગ લગાડવામાં આવી છે એનું દુઃખ હોવા છતાં એને ભૂલીને તે પોતાના ભાઈ-ભાંડુરાઓને કહે છે"કોઈ બચાવવાનું નથી.આપણે...આ એક આગ હોલાવવાની નથી.આવું તો ઘણું બધું થશે જ્યારે તમે કઇક માગશો અધિકારથી માંગશો ત્યારે બધું ફરી ફરી સળગશે.પહેલા મારી વાત માની નહોતી!આજે મારી વાત માની છે.બાવજી કે તા"પોતે મર્યા વગર સરગ મળતું નથી"[૪૩]તે બધાને સ્વાભિમાનથી અને અધિકારથી માનવ થઇને જીવવાની પ્રેરણા આપે છે જુઓ

"ભેમોઃતો કાઈ મારગ-માગ ખરો કે નઈ?

માયોઃમાગ હવે ક્યાંય માગ નહીં,હું સમજ્યો છું ત્યાં સુધી હવે ભીખ નહીં,આપણે ભીખારી નથી અધિકારથી લેવાનું છે."[૪૪]

સ્વમાન ,ન્યાય,હક્ક,અધિકાર,લડત,પ્રતિકાર અને સંઘર્ષનો પાઠ અંત્યજો માયા પાસેથી શીખે છે.પોતાના સમાજના કલ્યાણ અર્થે તે બલિદાન આપવા તૈયાર થયો છે ત્યારે તેનામાં ખુમારીના પણ દર્શન થાય છે પોતાની માને તે કહે છે"માડી,ઘરના માટલામાં આજે પાણી છે કાલે નહી હોય!આ ડુંગળી ને જારનો રોટલો,એંઠવાડ હાક થૂંઉ...ઊં...જો એ લોકોને પકવાન ખાતા જોયા છે.માડી ખબર છે પકવાન કેવાં હોય?અહીયા તો રોટલો સૂરજ જેવડો!ચાંદ જેવડો.લટકે પીપળાના પાંદે,એકવાર મળ્યો તો મળ્યો,નહીતર ભીંતે...પાણીમાં લોટ ઓગાળીને પીવો,ઘૂંટડે ઘૂંટડે પીવો...વાહ ઘણું જીવો સધરા જેસંગ..સધરા જેસંગની જે..."[૪૫]

ભાષાશૈલી

'પાટણને ગોંદરે'ઐતિહાસિક નાટક છે.આ નાટકમાં સર્જકે શિષ્ટ ભાષાની સાથોસાથ તળપદી ભાષાનો પણ પ્રયોગ કર્યો છે.નગરજનો અને રાજદરબારી પાત્રોની ભાષા શિષ્ટ છે તો અંત્યજવાસના પાત્રોની ભાષા શિષ્ટની સાથે તળપદી મિશ્રણ વાળી છે.સર્જકે આ નાટકમાં કહેવતો પણ પ્રયોજી છે.તો સંવાદો પણ આકર્ષક છે જેમકે નગરમાં સાદ પાડવા આવેલા દાંડીવાળાને સાંભળીને નગરજનો વચ્ચે અંદરોઅંદર થતી વાતચીત નગરીય પરિવેશને પ્રસ્તુત કરે છે જુઓ

"૧લો પુરુષઃલ્યો આ રાજાએ તો બીજીવાર સાદ પડાવ્યો,જે બલિદાન આપશે તેની ઇચ્છા રાજા પૂરી કરશે!

નટઃઆ બલિદાન એટલે મરવાનું.

સૂત્રધારઃહા મરવાનું જ વળી.ચો ખ્ખુ મરવાનું!

૨જો પુરુષઃકોણ અભાગિયો પોતાની મેળે મરવા તૈયાર થાય?

૩જો પુરુષઃચૂપ,બલિદાન આપનારને અભાગિયો ન કહેવાય,હા બત્રિસલક્ષણા પુરુષને શોધી આપનારને રાજા ઇનામ આપશે,ગામડા ભેટ મળશે.હાથી ઘોડા ભેટ મળશે

૪થો પુરુષઃતો તો મજા પડી જાય હોં...

૩જો પુરુષઃતો હું તને બત્રિસલક્ષણો પુરુષ જાહેર કરું છું

૪થો પુરુષઃએમ...તારે હાથી ઘોડા ઇનામમાં લેવાં છે,ઘોડા લઇને ખવડાવીશ શું?

૩જો પુરુષઃએ તારે જોવાનું?

સૂત્રધારઃઅરે!તમે તો ઝઘડવા લાગ્યા;આપણે તો બત્રિસલક્ષણા પુરુષની વાત કરતા હતા.

નટઃઅરે!આ બત્રિસ લક્ષણો પુરુષ એટલે શું?એને માથે શિંગડા હોય કે તે પકડીને બતાવી દઈએ,આ રહ્યો બત્રિસ લક્ષણો પુરુષ!(બધા હસી પડે છે)

૧લો પુરુષઃમને તો આમાં ના સમજાયું;પણ તારા જેવો નહી જ હોય.

સૂત્રધારઃબત્રિસ લક્ષણો એટલે કદાચ રાજા જેવો.

૨જો પુરુષઃતમારી વાત સાચી લાગે છે.

૩જો પુરુષઃવાહ!તમે સારું શોધી કાઢ્યું,ચાલો આપણે રાજાને કહીએ;અમે બત્રિસ લક્ષણો પુરુષ શોધી કાઢ્યો છે.ઈનામ આપો.

૧લો પુરુષઃરાજા બત્રિસ લક્ષણો !રાજા બત્રિસ લક્ષણો!

૪થો પુરુષઃએય ધીમેથી બોલ,તું શું બોલે છે.એનું ભાન છે?

૧લો પુરુષઃએટલે? ”[૪૬]

આમ આખા સંવાદમાં કટાક્ષ,વ્યંગ તેમજ હાસ્યનું તત્વ જોવા મળે છે.

નાટ્યસંઘર્ષઃ

‘પાટણને ગોંદરે’નાટકમાં સંઘર્ષનું તત્વ નાટકના આરંભથી જોવા મળે છે.અહી ગામના છેવાડે વસતા અને જેમનામાં સ્વમાન-સ્વાભિમાન જેવું કાઈ નથી અને મરવાના વાંકે જીવી રહ્યાં છે એવા અંત્યજો-દલિતોની કરુણ સંઘર્ષમય સ્થિતિ તો સામે પક્ષે રાજસત્તાનો ક્રુર ચહેરો સામસામે મુકી આપી નાટ્યકારે નાટકમાં સંઘર્ષના તત્વને વધારે મજબૂત બનાવ્યો છે.કાઈ પણ થાય પણ પોતાના સ્વમાનને ક્યારેય ઝુકવા દેવાનું નથીની હામ ભરતો અને માનવ બની જીવવાનો હુંકાર કરતો માયો અંત્યજવાસમાં નવો પ્રાણ ફૂંકે છે તો બીજી તરફ રાજદરબારમાં માયાને પાડી દેવા માટે ઘઢવામાં આવતું ષડયંત્ર નાટકમાં સંઘર્ષના તત્વને જાડવી રાખે છે.માયાને વાસ્તવિકતાની જાણ હોવા છતાં પોતાના સમાજના ઉદ્ધાર માટે બલિદાન આપે છે.આમ નાટકના આરંભથી અંત સુધી સંઘર્ષનું તત્વ આલેખાયેલું જોવા મળે છે.

‘અનાર્યાવર્ત’નાટ્યસંગ્રહ પછી દલપત ચૌહાણ પાસેથી ‘હરીફાઈ’એકાંકીસંગ્રહ મળે છે.આ સંગ્રહમાં કુલ નવ એકાંકી છે.તેઓ આ સંગ્રહને દલિત એકાંકીસંગ્રહ તરીકે ઓળખાવે છે પરંતુ સંગ્રહમાં સમાવિષ્ટ તમામ એકાંકી કથાવસ્તુ સંદર્ભે જોતા દલિત નથી.માત્ર,‘દીવાલો’,‘ભેદભાવનો ભૂંસનાર’,‘ગળફાંસો’,અને કઈક અંશે ‘સંજય અને છગન’દલિત એકાંકી તરીકેની છાપ ઊભી કરે છે.જોકે તેમના આ સંગ્રહના તમામ એકાંકીઓમાં માણસ કેંદ્રમાં છે.મારા અભ્યાસનો વિષય દલિત સાહિત્ય હોવાથી હું એ માત્ર દલિત વિષયવસ્તુને અભિવ્યક્ત કરનાર એકાંકીઓને જ ધ્યાનમાં લીધા છે.આ એકાંકીઓના કથાવસ્તુ વિશે ટૂંકમાં માહિતી મેળવીએ.

૧.દીવાલોઃ

સંગ્રહનું આ બીજું એકાંકી છે.જે ‘હયાતી’(૧૯૯૮) દલિત સામયિકમાં સૌ પ્રથમ છપાયુ હતું.એકાંકીનું શીર્ષક સૂચવે છે એમ અહી માનવ માનવ વચ્ચે ઊભી કરાયેલી ભેદભાવરુપી દીવાલોને તોડવાની વાત કેંદ્રમાં છે.પોતાનું નવુ સ્વર્ગ રચવા મથતો અભિજિત પોતાના કાર્યમાં સફળ થતો નથી.માત્ર દલિત હોવાને કારણે પોતે જેને પ્રેમ કરતો હતો એ સવર્ણ છોકરી તેને છોડી દે છે.પ્રેમની પવિત્રતા સામે જાતિવાદની જીત થાય છે અને તેથી જ ઉચનીચના-જાતિવાદના બંધનો તોડી નવી આભડછેટમૂક્ત દુનિયા રચવાનો તે સંકલ્પ કરે છે તે કહે છે“હા,મારે નવો સમાજ,નવી[૪૭] દુનિયા જોઈએ.જ્યાં રહે સૌ પ્રેમથી આદરથી,સ્ત્રી-પુરુષ સૌ એકસમાન.ના કોઈ પૂછે જાત.ના કોઈ અભડાય.ના અલગ હોય કોઈનો ચોકો,વાડાબંધી-તાળાબંધી,તળાવબંધી,મંદિરબંધી કશુંય ન હોય.”[૪૮](પેજ ન.૨૩)રંગલો તેને સલાહ આપતા જણાવે છે કે એકલવીરથી આ શક્ય નથી.એ માટે તો એને અન્યોનો-દલિતસમાજનો સાથ-સહકાર મેળવવો પડશે તેમજ જાતિવાદની આ દીવાલો તોડવા કરતાં એના દ્વાર ખોલવા સાંકળ તોડવાની વાત કરે છે

“રંગલોઃ તમે તમારું સ્વર્ગ નહી રચી શકો?

અભિજિતઃ (ઉત્તેજિત થઈ)કેમ ન રચી શકુ.અભિજિત હું તો.અભિજિત વિશ્વામિત્ર બની

શકે તો હું કેમ નહી?શું તમે બ્રાહ્મણવાદી છો?રચુ નવી દુનિયા...નવી સ્નેહે...

નવીન સવર્ણા.

રંગલોઃ એટલે જ તમારું સ્વર્ગ ન રચાય.તમે અભિજિત નહી ત્રિશંકુ છો.સદેહે સ્વર્ગે જવું

છે.બ્રાહ્મણવાદ તોળવો છે.આ તમારા સ્વર્ગનો અર્થ નથી.

સાચા કર્મનો મર્મ નથી.

તમારા ધર્મનો અર્થ નથી...

સાચા કર્મનો મર્મ તો સાંભળો.”[૪૯]

જાતિવાદની આ દીવાલો તોડવા કરતાં વરણાશ્રમનું તાળુ તોડવાની વાત રંગલો અભિજિતને કરે છે.સવર્ણાને છોડી અછૂતાનો સ્વીકાર કરવાની વાત કરે છે.

“રંગલોઃ આવો,આપણે પ્રણ લઈએ.

સમાજ-સમાજને ભેગા કરીએ.

ના તું ઊંચો છે,ના નીચો છે.

વાત સૌને કાને ધરીએ.

બ્રાહ્મણવાદની સામે થઈએ.

બ્રહ્મણનેય સાથે લઈએ."[૫૦]

આમ,આ એકાંકીમાં હજારો વર્ષથી ભારતનાં સમાજમાં ઘર કરી બેઠેલી જાતિવાદી વ્યવસ્થા સામે અવાજ ઊઠાવવાનો પ્રયત્ન કર્યો છે.ભૂતકાળમાં આ રીતે જ અભિજિતે(વિશ્વામિત્ર) બ્રહ્મર્ષિ થવા બ્રાહ્મણોનો વિરોધ કર્યો હતો અને પછી બ્રહ્મર્ષિ પદ પામ્યા.એમ આધુનિક-વર્તમાન અભિજિત પણ પ્રેમમાં સફળ ન થતા જાતિવાદરુપી દીવાલોને તોડવાનો સંકલ્પ લે છે.

એકાંકીની શરુઆતમાં સંસ્કૃત શિષ્ટ નાટકની કમાન જેના હાથમાં હોય છે એવો સૂત્રધાર હાથમાં ઝાડુ લઈને સફાઈ કરતો બતાવ્યો છે.આ દૃશ્ય સૂચક છે.સૂત્રધારને અચાનક પોતાના હોદાનું ભાન થતા હિનભાવ અનુભવે છે..પોતે તો નાટકનો સૂત્રધાર છે અને તેથી હાથમાં ઝાંડુ લઈને સફાઈ કરી જ કઈ રીતે શકે?ત્યાં જ પડદા પાછળથી પુરુષ અવાજ આવે છે

"પુરુષ અવાજઃ (નેપથ્યે)કોઈ કામ હલકુ નથી.આ કામ નાટક ભજવવા જેટલું જ ઉન્નત છે.વસ્ત્ર વણવા જેટલું જ પવિત્ર જોડા સીવવા જેટલું મહાન.ખેતરમાં હળ ચલાવવા જેટલુ જ સહજ છે.

સૂત્રધારઃ પણ...આ...કામ...

પુરુષ અવાજઃ (નેપથ્યે)સૌનું છે.તારું છે.મારું છે.આપણું છે.સૌનું છે.

સૂત્રધારઃ ના...આ તો...ચોક્કસ વર્ણને સોપાયુ છે.

પુરુષ અવાજઃ (નેપથ્યે)તારો વાદ મિથ્યા છે.કહેવાય છે...માનવસમાજની ઉન્નતિ માટે મનુ નામના સ્મૃતિકારે સમાજ રચના કરી.નિયમો ઘડ્યા.વર્ણાશ્રમના જાળાં ગૂંચવ્યા.વધારે ગૂંચવ્યા.માણસજાતિ એમાં ગૂંચવાઈ ગઈ,જે ભારતવર્ષથી છટક્યા એ બચ્યા બાકી હોમાઈ ગયા.જાતિવાદી-બ્રાહ્મણવાદી પરંપરાઓમાં.સ્મૃતિએ બ્રાહ્મણવાદનો અઘોરી પંજો ફેલાવી દીધો.સમાજ પર ભયંકર ઉત્પાત.માણસ નાના જૂથમાં ગયો વહેચાઈ.બળવાનોએ અર્થ પોતાના કર્યા.અનર્થ...અનર્થ.માણસ પશુ થઈ ગયો"[૫૧]

નાટકના આ રંગમંચ પર બીજી ઘટના એ બને છે કે અહી ભવાઈના રંગલો-રંગલી પ્રવેશે છે અને નાટક ભજવવાની જગ્યાએ ભવાઈ વેશ ભજવાય જાય છે.રંગમંચ પર આવેલ રંગલો પોતાના સ્વભાવ પ્રમાણે પ્રેક્ષકગણને પ્રણામ કરે છે.તો સામેથી પ્રત્યુત્તર ન મળતા નેપથ્ય પાછળથી અવાજ આવે છે

(નેપથ્યે): પહેલા કહે,તું કેવો છે?એ કહે તો જ તારા પ્રણામ સ્વીકારાય

રંગલોઃ એમ કે,

નૈપથ્યેઃ હા...

રંગલોઃ તો તો...

હું રંગલો રાજા(૨)જૂઓ

હું કેવો છું.હું કેવો છું.

જુઓ મારી ટોપી લાંબી...

એ તો આભને અડકે,

આ મારી આ આંગડી જુઓ.

સાંધી છે મેં કટકે,કટકે.

અને...અને...

પાયજામો રજવાડી મારો.

રાજાઓને ખટકે...ભાઇ રાજાઓને ખટકે.

તા...થઇયા થઇયા તા...થેઇ...

તા...થઇયા થઇયા તા...થેઇ...

નેપથ્યેઃ ઓહો...રંગલા એમ નહી,તારી જાત

રંગલોઃ (છંછેડાઇ સ્ટેજ પર આટા મારતા)

અરે ભંભોળા અરે ભંભોળા,

જાતના પૂછો,નાતના પૂછો,

પૂછો મારું કામ,પૂછો મારું કામ.

હું રંગલો રાજા,મારા ભાતભાતના કામ.

હું રંગલો રાજા...

જે માતાજી ખત્રીય બોલે

હોય નહી એ મારી તોલે.....

.........આ દુનિયાનું માણસ."[પર]

ભારતવર્ષના સમાજમાં પરંપરા રહી છે કે માણસને માણસજાતિથી ઓળખવાને બદલે પ્રથમ તેને તેના ધર્મ,સંપ્રદાય,પંથ,જાતિથી ઓળખવામાં આવે છે.અહી નાટકમાં પણ રંગલાને પ્રથમ તેની જાતિથી ઓળખવાનો ક્રમ પ્રસ્તુત થયો છે.જો તે શુદ્ર વર્ણનો-દલિત ન હોય તો જ તેના પ્રણામ સ્વીકારી શકાય આ વિના નહી.ગુજરાતી દલિત નાટક-એકાંકી સંદર્ભે પણ આમ જ બન્યુ છે એમ કહી શકાય.દલિત

વિષયવસ્તુને રજૂ કરતા નાટક-એકાંકી ભલે ઉત્કૃષ્ટ હોય પણ જાતિવાદી માનસિકતાને કારણે મુખ્ય પ્રવાહના નાટ્ય-એકાંકી વિવેચનમાં નોંધ લેવાતી નથી.મહામાનવ ડૉ.બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના પ્રતાપને કારણે દલિતોની ભવાઇનો રંગલો સવર્ણોની રંગભૂમિ સુધી જઇ પહોચ્યો છે પણ માનવતાભાવે એનો સ્વીકાર કરવાનો પ્રયત્ન હજૂ થતો નથી.તેમછતાં એકાંકીનો રંગલો આગળ કહે છે

રંગલોઃ અરે નટી,ઓ રે રંગલી,હાશ થઇ ભઇ હાશ મને તો

હું મૂંઝાયો,કોઇ ન બોલ્યુ

મને એમ કે,માણસ જેવું માણસ તોયે

કેમ એ ના બોલે

સૌ મનખાને જાતપાતથી તોલે.

જાતથી તોલે માણસ કેવો

હેવાનોની રીતિ એ તો

હું રંગલો રાજા ભણતો,કરો માણસને પ્રીતિ.માણસ મારી જાતિ.આપણ સાથે ભેળા ભેળીયે.માણસથી ના મોટો કોઇ.એવુ આ જ ઓચરીયે ભાઇ એવુ આ જ

ઓચરીયે.”[૫૩]

જો કે આશાવાદ ટકેલો છે કે જાતિવાદ નષ્ટ થશે અને માનવતાવાદ સમાજમાં પ્રશરશે.

એકાંકી સ્વરુપની દૃષ્ટિએ જોઇએ તો આ એકાંકીનો પ્રારંભ જ નાટ્યાત્મક છે.સંસ્કૃત નાટકમાં જે દોરીસંચાર ક્રવાનું કામ કરે છે એ સૂત્રધાર હાથમાં ઝાડું લઇને સફાઇ કરતો બતાવ્યો છે પણ અચાનક પોતાની સ્થિતિનું ભાન થતા તે છોબીલો પડે છે.નાટ્યપ્રયુકિત સંદર્ભે જોઇએ તો અહી અવાજનો સર્જકે એક પાત્રરુપે વિનિયોગ કર્યો છે.આ નાટકમાં છ પાત્રો છે.જેમાં રંગલો અને અભિજિત એકાંકીના મૂખ્ય પાત્રો છે.એકાંકીની ઘટના આ બે પાત્રો વચ્ચેના સંવાદો દ્વારા જ પ્રગટ થવા પામી છે.સૂત્રધાર આમ તો સંસ્કૃત નાટકમાં આવતું પાત્ર છે તો રંગલો-રંગલી એ ભવાઇના પાત્રો છે.આ પાત્રો દ્વારા સર્જકે નાત-જાત,ધર્મના નકારની વાત મુકી આપી છે.નાટકના પ્રારંભે જે રીતે સૂત્રધાર હાથમાં ઝાડું લઇને સફાઇ કરતો બતાવ્યો છે પણ અચા નક તેને પોતાની સ્થિતિનું ભાન થતા છોબીલો પડે છે કારણ કે તેનાથી આવું હલકું કામ ન થાય તો બીજી તરફ ભવાઇનો રંગલો નાટકના રંગમંચ પર આવી ચઢે છે તેમ છતાં એ પોતાના વ્યક્તિત્વને અનુરુપ ચેન ચાડા કરતો સર્જકે અહી બતાવ્યો છે.ભવાઇમાં જેમ રંગલો પ્રથમ આવે છે અહી પણ આવે છે અને રંગલીના આવવાની રાહ જોઇ રહ્યો છે.આ પ્રયુક્તિ એકાંકીમાં અભિનય માટે અવકાશ ઊભો કરે છે.આ એકાંકીના સંવાદો ઘણા ટૂંકા અને અસરકારક છે.એકાંકીના આરંભના સૂત્રધારના સંવાદો સ્વગત છે તો અવાજ એની સાથે જે સંવાદ કરે છે એ સંવાદો એની સંકુચિત માનસિકતાને તોડે છે.ભવાઇમાં આવતું રંગલા-રંગલીનું ગીત,રંગલાના પાત્રને અનુરુપ સંવાદ-ભાષા અહી

પ્રયોજાઇ છે.ભવાઇગીતોનો વિનિયોગ પણ અસરકારક રીતે કરવામાં આવ્યો છે.રંગલાની ભાષામાં પ્રાસાનુપ્રાસનું તત્વ વાચકને આકર્ષે છે .જુઓ"સર્વ સમાન?હા...છટકી તમારી કમાન..."[૫૪],"એ તો મારી રંગલી રાણી,રંગરંગલી રંગલી રાણી,વ્હાલી મારી રંગલી રાણી"[૫૫],"સાટુંપાટું આટુપાટું.બીજી વાતો ભોંયમાં દાટું"[૫૬]આ રીતની ભાષા રંગમંચ પર પ્રેક્ષકોને ખૂબ આકર્ષે એવી છે.મોટાભાગે સર્જકે શિષ્ટ–તત્સમ ભાષાનો જ પ્રયોગ પાત્રો પાસે કરાવડાવ્યો છે.ભવાઇના પાત્રો રંગલા-રંગલીની ભાષા પણ શિષ્ટ છે પણ ક્યાંક અપવાદ રુપે બોલીનો લહેકો પણ આ પાત્રના સંવાદમાં આવી ગયો છે જેમકે 'ના સમજાણું,શાથી લૂંટાણા,શેમાં લૂંટાણા?','અરથ'[૫૭]રંગલા-રંગલીના સંવાદોમાં હાસ્ય,કટાક્ષ અને વ્યંગ્યનું તત્વ જોવા મળે છે.એકાંકીમાં આખુ જીવન નહી પણ જીવનનો એકાદ પ્રસંગ મહત્વ ધરાવતો હોય છે.તેથી એકાદ પ્રસંગના દાયરામાં સંઘર્ષનું નિરુપણ કરવું એકાંકીકાર પાસેથી કળા માંગી લે છે.એકાંકીમાં નિરુપાતો આ સંઘર્ષ પાત્ર-પાત્ર વચ્ચેનો સંઘર્ષ,વૈચારિક સંઘર્ષ અને જાત સાથેના મનોસંઘર્ષ રુપે હોય છે.દીવાલો એકાંકીમાં અભિજિતના પાત્ર દ્વારા સર્જકે જાતિભેદના કારણે નિર્મિત થયેલા માણસ-માણસ વચ્ચેના સંઘર્ષને આલેખ્યો છે.અભિજિત એક સવર્ણા સાથે પ્રેમ કરતો હતો અને તેની સાથે પરણવા માંગતો હતો પરંતુ ઉચ્ચનીચના ભેદભાવના કારણે સફળ થતો નથી.અને તેથી જ તે હવે જાતિભેદરુપી દીવાલોને તોડી પોતાનું નવું સ્વર્ગ રચવાની વાત કરે છે તો સવર્ણાને બદલે અછૂતાનો સ્વીકાર કરવાની વાત રંગલો કરે છે.રંગલો અભિજિતને ત્રિશંકુ ગણે છે.એને અપનાવેલા માર્ગને બ્રાહ્મણવાદ સામેના સંઘર્ષને નિરર્થક ગણે છે અને દીવાલો તોડવાની જગ્યાએ દ્વાર ખોલવાની વાત મૂકે છે.પોતાના સમાજની જ કન્યા સાથે વિવાહ કરી કુટુંબને સુખી કરવાની વાત કરે છે.

૨.ભેદભાવનો ભુંસનારઃ

આ એકાંકીમાં દલિતોના ઉદ્ધારક બંધારણના ઘડવૈયા મહામાનવ ડૉ.બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના જીવનસંઘર્ષના પ્રસંગોને પાત્રો વચ્ચેની વાતચીત સાથે પડદા ઉપર બતાવ્યા છે.બાલ્યકાળથી લઇને મહામાનવ બનવા સુધીની સફર દરમ્યાન એમને પડેલી તકલીફો,આભડછેટ,અપમાન જેવા પ્રસંગોને એકાંકીકારે અહી નિરુપી આપ્યા છે.બાબાસાહેબ આંબેડકરના બાલ્યકાળથી લઇને એમના મૃત્યુ સુધીની વિવિધ ઘટનાઓને એક પછી એક આ એકાંકીમાં રજુ કરવામાં આવી છે.એકાંકીની શરુઆતમાં માનવ તરીકેની ઓળખ મેળવનાર દલિત યુવાનો એકઠા થયા છે અને પુરાણી આભડછેટભરી-ગળામાં કુલડી,કમરે ઝાંખરુ અને માથે ફાળકો મુકવાની પરંપરા છૂટી એનો આનંદ અને સાથે રોષ પણ પ્રકટ કરે છે.હવે તો તેમને રાજમાર્ગ ઉપર ચાલવાનો અને મંદિરમાં પ્રવેશવાનો પણ અધિકાર મળ્યો છે.આ બધાનો અનેરો આનંદ તેમને છે.અંધકારમાંથી પ્રકાશમાં આવવાનો અનેરો લાભ મળ્યો છે.હવે તો તેઓ દિશાઓને પણ ઓળખી શકે છે.આ બધુ જેના પ્રતાપે થયુ એ આંબેડકરથી તેઓ અપરિચિત છે.તેનો પરિચય અ નામનું પાત્ર આપતા જણાવે છે

"અઃ તમે આપણા પહેલા યુગપુરુષનો અવાજ સાંભળ્યો લાગતો નથી.એ ધીરગંભીર વીર અવાજ.પૃથ્વીના પડળોને હચમચાવતો ઐરાવતનાં ડગ શા પગ મૂકી મક્કમતાથી ઝૂઝતો અવાજ.વિદ્રોહનો અવાજ.એ...એ તો...વર્ષો પહેલા જન્મ્યો હતો.એનુ માન હતુ.ડૉ.આંબેડકર...મહામાનવ

આંબેડકર...એના નામના જયઘોષ તમને સંભળાય છે?સાંભળો...સાંભળો..."[૫૯]અને એમ આંબેડકરનો પરિચય આપે છે.બાલ્યકાળમાં બળદગાડામાં બેસીને જતા આંબેડકર અને તેમના મોટાભાઈને અછૂત હોવાથી ગાડાવાળાએ જાતે જ ગાડું ઉથલાવી જમીનદોસ્ત કર્યા હતા એ પ્રસંગને પડદા ઉપર બતાવવામાં આવ્યો છે.ધર્મની આગળ માણસ મજબૂર બની જતો હોય છે.ભલેને પછી એ અમાનવીય હોય,બીજાને દુઃખ આપનાર હોય.અહી અછૂત હોવાને કારણે પૈસા આપ્યા હોવા છતાં આંબેડકરને પીડા અનુભવવી પડે છે.ત્યારબાદ શાળાજીવનનો અનુભવ,ભણતી વખતે પાટિયા ઉપર દાખલો ગણવા જતા પાટિયા પાછળ રહેલા નાસ્તાના ડબ્બા અભડાય ન જાય માટે મનુવાદી માનસિકતા ધરાવતા સહપાઠી બાળકોએ ડબ્બા લઈ લીધા.આવો કડવો અનુભવ નૉલેજ ઑફ સિમ્બોલનું બિરુદ મેળવનાર આંબેડકરને થાય છે.દલિત હોવાને લીધે બાળપણમાં સંસ્કૃત ભાષાના અભ્યાસથી વંચિત રહ્યા પણ મોટા થતા સંસ્કૃતનો અભ્યાસ કરી એ ભાષાના પંડિત બન્યા.ત્યારબાદ જેમની કૃપાથી-આર્થિક સહાયથી આંબેડકર ભણ્યા એ વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડનું ઋણ ચુકવવા તેઓ વડોદરા આવે છે.અહી પણ તેમને અમાનવીયતાનો ભોગ બનવુ પડ્યુ.વડોદરાના વૃક્ષોની છાયા નીચે બેસી ખૂબ રડ્યા.એ પ્રસંગને પણ અહી બતાવવામાં આવ્યો છે.એ પછી મહાડ સત્યાગ્રહ,કાલારામ મંદિર પ્રવેશ,મનુસ્મૃતિ દહન જેવી ઘટનાઓને આ એકાંકીમાં નિદર્શિત કરવામાં આવી છે.આ ઉપરાંત બાબાસાહેબ આંબેડકરનો દલિતોને સંદેશ"ભીખ માંગવાથી કે બીજાઓની ધર્મ બુદ્ધિ ઉપર અવલંબી ગુમાવેલુ સત્વ પાછું આવતુ નથી.એ માટે આપણે તેજ પ્રગટ કરવું જોઈએ.બલિ તો બકરાનો ચઢાવવામાં આવે છે,સિંહનો નહી.તમારામાં તેજ છે પણ તેની તમને જાણ નથી.તમે ઘેટા-બકરાની જેમ મેષ રાશિના નથી."[૬૦]તો અસ્પૃશ્યતા બાબતે કોંગ્રેસ અને ગાંધીજીના બેવડા વલણની નીતિ સામે જે રોકડું પરખાવેલુ તે આંબેડકરના જ શબ્દોમાં અહી મૂક્યુ છે

"અમે અનુભવના આધારે એવું કહી શકીએ કે કોંગ્રેસ પક્ષની અસ્પૃશ્યતાના પ્રશ્ને ચિત્તશુદ્ધિ થયેલી નથી.જ્યાં સુધી આવી ચિત્તશુદ્ધિ થયેલી ન હોય,ત્યાં સુધી અમે કોંગ્રેસ કે સ્પર્શ્ય હિન્દુઓ પર વિશ્વાસ રાખીશું નહી...."[૬૧]

"હું ફરીથી કહું છું,મારે કોઈ માતૃભૂમિ નથી.જે દેશમાં કૂતરાની માફક પણ અમે જીવી શકતા નથી,કૂતરા બિલાડાને જેટલી સગવડો મળે છે તેટલી સગવડો અમને સહેલાઈથી મળતી નથી,તેવી ભૂમિને મારી જન્મભૂમિ,અને તે ભૂમિનાં ધર્મને મારો ધર્મ છે એમ હું કહી જ ન શકું.અને જેમનામાં માણસાઈ છે,સ્વાભિમાન છે એવો કોઈ પણ દલિત આ ભૂમિને પોતાની માતૃભૂમિ ગણવા તૈયાર થશે નહી..."[૬૨]

બંધારણના અમલીકરણ સંદર્ભે ડૉ.બાબાસાહેબ આંબેડકરે જે ચેતવણી આપી હતી તે"બંધારણ સર્વાંગ સંપૂર્ણ છે.તે દેશની ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ કામ આપશે.જો બંધારણ તેની ક્ષમતા ગુમાવે તો તે બંધારણનો વાંક નહી,પણ તે વાંક તેનો ઉપયોગ કરનારાઓનો જ હશે."[૬૩]આંબેડકરના આ વિચારોને અવાજ નામની તેમને ગમતી પ્રયુક્તિ દ્વારા એકાંકીકારે પ્રસ્તુત કર્યા છે.

આ એકાંકીમાં ચાર પાત્રો છે જેમના કોઈ વિશેષ નામ નથી માત્ર અ-બ-ક-ડ રુપે એમનો નામનિર્દેશ થયો છે.સાથે અવાજની પ્રયુક્તિ અને પડદા પર ચિત્ર રુપે આંબેડકરના જીવનપ્રસંગોને

બતાવવાની પ્રયુક્તિનો વિનિયોગ સર્જકે અસરકારક રીતે કર્યો છે.એકાંકીમાં સંઘર્ષનું તત્વ નિર્માણ કરે છે ભારતમાં અસ્તિત્વ ધરાવતો જાતિવાદ.ડો.બાબાસાહેબ આંબેડકરનું સંપૂર્ણ જીવન જ સંઘર્ષમય રહ્યુ હતું અને આવા જ કેટલાક એમના જીવનના સંઘર્ષમય પ્રસંગો પડદા પર ચિત્ર રુપે પ્રસ્તુત કરવામાં આવ્યા છે.સમય ઘણો પસાર થઇ ગયો છે તેમ છતાં હજી પણ જાતિભેદરુપી રાક્ષસ દલિતોનો પીછો છોડતો નથી અને અમાનવીયતાભર્યો વ્યવહાર તેમની સાથે થાય છે જે પાત્ર-પાત્ર વચ્ચેના સંવાદ દ્વારા જાણવા મળે છે.સર્જકે આ પાત્રો પાસે વર્તમાન દલિતોની સ્થિતિનું ચિત્ર પણ પ્રસ્તુત કર્યુ છે અને સાથે સવર્ણોની જાતિવાદી માનસિકતાના એમને થયેલા અનુભવો પણ પાત્રોના મૂખે રજૂ કર્યા છે.સર્જકે દલિતચેતના પણ પાત્રો વચ્ચેના સંવાદોમાં મુકી આપી છે જેમકે ક કહે છે કે હજી પણ કેટલાક લોકો તળાવે જવા નથી દેતા તો અ જવાબ આપતા કહે છે કે "શું એમાં આંબેડકર જવાબદાર છે?આજથી સો વર્ષ પહેલાં એ લડ્યા.તમે આજે લડી ના શકો?"[૬૪]સર્જકે અહી અવાજની પ્રયુક્તિનો આંબેડકરના જીવનદર્શનને,દલિતોને એમણે આપેલા ઉપદેશને વ્યક્ત કરવા માટે ઉચિત રીતે વિનિયોગ કર્યો છે. જેમકે ક અચાનક જયઘોષના નારા લગાવવા જાય છે ત્યાં જ પડદા પાછળથી અવાજ આવે છે"ભીખ માંગવાથી કે બીજાઓની ધર્મબુદ્ધિ ઉપર અવલંબી ગુમાવેલું સત્વ પાછું આવતું નથી.એ માટે આપણે તેજ પ્રગટ કરવું જોઇએ.બલી તો બકરાનો ચઢાવવામાં આવે છે.સિંહનો નહી.તમારામાં તેજ છે પણ તેની તમને જાણ નથી.તમે ઘેટા-બકરાની જેમ મેષ રાશિના નથી"[૬૫]

૩.ગળફાંસોઃ

આ એકાંકીમાં એક દલિત વ્યક્તિના હાથે માર ખાઇને આત્મહત્યા કરનાર સવર્ણ વ્યક્તિ(લાશ)કેંદ્રમાં છે.હકિકતમાં તો ગામડામાં જોવા મળતી મનુવાદી માનસિકતા આ એકાંકીમાં પ્રસ્તુત થવા પામી છે.એકાંકીમાં રજૂ થયેલો સ્થળ-પરિવેશ ગામડાનો છે.ગ્રામ્ય સમાજમાં જોવા મળતો ઉચનીચનો ખ્યાલ અને પોતાનાથી ઉતરતી કક્ષાના લોકો પ્રત્યેની માનસિકતા એકાંકીમાં રજૂ થવા પામી છે.એકાંકીની શરુઆતમાં ઝાડ પર લટકતી લાશ બતાવામાં આવી છે.ઝાડ પર લટકતી લાશ જોઇને ભેગા થયેલા ચારેય પાત્રો લાશને ઓળખવાનો પ્રયાસ કરે છે.લાશનો દેખાવ,એને પહેરેલા કપડા વગેરે જોઇને તે ગામનો જ હોવાનું બધાને લાગે છે.પરિચયમાં આવેલ હોવા છતાં નિશ્ચિતપણે નક્કી કરી શકતા નથી કે એ કોની લાશ છે?લાશે જનોઇ પહેરી હોત તો તે બ્રાહ્મણ હોત,એની મૂંછો વાંકી હોત તો તે ઠાકોર હોત.પણ આમાંના કોઇ ચિન્હ તેનામાં નથી.તેથી એક જણને શંકા જાય છે કે લાશ ગામના કોઇ ઓરગણા,ઢેડ કે પછી મીચોરની તો નથી ને?આ શંકા થતા જ ચારેય પાત્રો ખડખડાટ હશે છે અને ગાંધીજીના ત્રણ વાંદરાઓની નકલ કરતા કહે છે

"૧લો માણસઃઆ પેલો કોણ છે,મારે જોવુ નથી.(૨)

૨જો માણસઃઆ પેલો કોણ છે,મારે સાંભળવુ નથી.(૨)

૩જો માણસઃપેલો કોણ છે?કોણ છે?મારે પૂછવું નથી.(૨)

૪થો માણસઃચૂપ રહો...ચૂપ.ઢેડ માણસ હોતો નથી.ઢેડ ઢેડ હોય છે એ કશું હોતો નથી."[૬૬]

લટકનાર લાશ દલિતની હોય શકે એ શંકા થતા જ પાત્રોના વર્તનમાં બદલાવ આવી જાય છે કારણ હજારો વર્ષથી મનુવાદી માનસિકતા ધરાવનારી ભારતીય સંસ્કૃતિએ દલિતની ગણતરી માણસમાં કરી નથી.પશુ કરતાં પણ બદતર હાલત આ દેશમાં દલિત સમાજમાં જન્મનાર માણસની થતી રહી છે.મનુવાદી માનસિકતાનો પરચો એકાંકીમાં આલેખાયેલ પાત્રો દ્વારા વાચકને મળે છે.ચોથો માણસ લાશ પાસે જઇને લાશનો પગ પકડી ફાટેલા પેન્ટની બાંય ઊંચી કરે છે.પગ ઉપરનું નિશાન જોતા તે ઓળખી જાય છે કે આ તો ગામના નાઈ બબાનો રામો છે.એક વાર પોતે તેના પગમાં કાતોર મારી હતી.એ પ્રસંગ તેને યાદ આવે છે.લાશની ઓળખાણ થતા તેને આપઘાત શા માટે કર્યો?એનુ કારણ જાણવાનો પ્રયત્ન તેઓ કરે છે.પત્નીનો ત્રાસ,અન્ય બૈરી સાથે સંગળમંગળ,દારુ-જુગારની લત એમાંનું કોઇ પણ કારણ તેમને ઉચિત લાગતુ નથી.એકાંકીમાં આવતું નવું પાત્ર પાંચમો માણસ(બબો)પ્રવેશતા આપઘાતના સાચા કારણની જાણ થાય છે.રામાના આપઘાત પાછળનું સાચુ કારણ તેને એક દલિતના હાથે માર ખાધો.આ મારની માનસિક અસર પીડા સહન ન થતા તેણે આપઘાત કર્યો.આ સાંભળીને ૨જો,૧લો અને ૩જો માણસ એક સાથે બોલી ઊઠે છે

"૨જો માણસ,૧લો માણસ,૩જો માણસઃ(ગુસ્સામાં)હે...પેલાની આટલી બધી હિંમત...એણે

તમારા દીકરા ઉપર હાથ ઉપાડ્યો?શું તમારા
દીકરાને પેલાએ માર્યો?સાલ્લાનાં હાડકાં ખોખરા
કરવાં હતાં ને?તમે કાંઇના
કર્યું...શરમ નથી આવતી?

૫મો માણસઃ ના...ના..ઝઘડો વધારવાની મારી ઇચ્છા નહોતી.બે જણા લડે-ઝઘડે,એકબીજાને થોડુંઘણું મારે પછી સમાધાન થઇ જાય.

૨જો માણસઃ કેવાં છો તમે?પેલા મારે! આપણી ઉપર હાથ ઉપાડે તોય સમાધાન...સમાધાન થઇ જ ના શકે.

૧લો માણસઃ એના ટાંટિયા ભાગી નાખવા જોઇએ.

૪થો માણસઃ એમના વાસનો બહિષ્કાર...હોકાપાણી બંધ...

૧લો માણસઃ તારી નાતનો છે તે હોકાપાણી બંધ કરે છે?સાલ્લા બોલવામાંય ગડબડ કરે છે.

૪થો માણસઃ હા,ચાર !ભૂલી ગયો...છાશપાણી બંધ.લેવુદેવું બંધ...મજૂરી બંધ.

૧લો માણસઃ આપણો સરપંચ પૉણિયો છે!એણે જ આ વાતનો તાત્કાલિક નિકાલ લાવવો જોઇએ.

૨જો માણસઃ પેલો બાવો...અરે!પૂજારી,દિયોર ટોકરી વગાડવામાંથી ઊંચો નથી આવતો.આખો ધર્મ ખાડામાં જશે ત્યારે જાગશે?

૩જો માણસઃ	તમે પૂજારીને મળ્યા?

૫મો માણસઃ	મારે પૂજારીને મળવુ નથી.સરપંચને કહેવુ નથી.કોઇના ટાંટિયા ભાગવા નથી.નાની અમથી વાતનું વતેસર ના કરાય...સમજ્યા તમે?

૪થો માણસઃ	આને...આને તમે નાની અમથી વાત કહો છો?પેલા કાલે ઘરમાં ઘુસીને મારી જશે.માબેન ઊઠાવી જશે.જોયા કરજો.

૫મો માણસઃ	ના,એવું કાંઇ નહી થાય.

૨જો માણસઃ	તાબોટા વગાડો તાબોટા...ખમ્મા મારી બહુચર માડી(તાળી વગાડે છે)"[૬૭]

દલિતે એક સવર્ણ છોકરાને વળતા પ્રહારરુપે માર્યો તેથી જાણે આબરુ-ઈજ્જત લુટાઇ ગઈ.ધરતી રસાતાળ ગઇ એવો ભાવ આ મનુવાદીઓ અનુભવે છે.દલિત સવર્ણને મારી જ કઇ રીતે શકે? એ તેમનાથી સહન થતું નથી.જો આ વાત બીજા ગામના લોકો જાણશે તો દોરો બાંધવાનોય સંબંધ નહી રાખે અને તેથી આમ વિચારીને જ માનસિક પીડાનો ભોગ બનનાર પેલા નાઈ જાતિના યુવાને આત્મહત્યા કરી.આ વાતને છૂપાવવા બ્રાહ્મણવાદી માનસિકતા ધરાવનાર પાત્રો તેના આપઘાત પાછળ ખોટા કારણો જોડી દે છે.પહેલા તો રામાના આપઘાત માટે તેના બાપને જ કારણભૂત ગણે છે કારણ કે તેને જ પેલાને મારવાની ના પાડી હશે તો બીજી બાજુ એણે આપઘાત કર્યો એ તેણે ઉચિત જ કર્યુ કારણ કે તેણે પેલાનો માર ખાધો.

"૧લો માણસઃ	તેં પેલાનો માર ખાધો?તારે મરવું જ જોઈએ.

૨જો માણસઃ	તું લટકી ગયો,સારું કર્યુ.

૩જો માણસ,૪થો માણસઃ	તું મરી ગયો.અમારી આબરુ સચવાઈ.અમારે વારેવારે કહેવુ પડ્યુ હોત.તું પેલાનો માર ખાઇને જીવે છે."[૬૮]

ખોટા આરોપો લાગવાથી એકાંકીના અંતે લાશ પોતે જ સંવાદ કરે છે.જીવતાજીવત પોતે જે વાત છૂપાવી રાખી હતી તે મર્યા પછી કહે છે.પોતાના મરવા પાછળ સમાજમાં ઘર કરી ગયેલી સવર્ણવાદી માનસિકતાને જવાબદાર ઠેરવે છે.ધર્મે પાડેલા માનવ-માનવ વચ્ચેના ભેદભાવોને જવાબદાર ગણે છે.ઉચ્ચ-નીચની,સ્પૃશ્ય-અસ્પૃશ્યની ઘેરી માનસિકતા આ સમાજને ખોખલો કરી રહી છે.એ વાતનો સ્ફોટ પાત્ર જાતે જ કરે છે.

આ એકાંકીમાં છ પાત્રો છે.જેમાં લાશ પણ પાત્ર રુપે એકાંકીના અંતમાં બોલે છે.આ સીવાયના પાંચ પાત્રોના કોઇ વિશેષ નામ સર્જકે આપ્યા નથી.માત્ર માણસ તરીકેની જ ઓળખને પ્રસ્તુત કરી છે જોકે એકાંકીમાં જ્યારે પાંચમું પાત્ર પ્રવેશે છે ત્યારે આ પાત્રોની જાતિઓળખ સ્પષ્ટ થાય છે.એટલું જ નહી પણ એમની જાતિવાદી માનસિકતા પણ ખુલ્લી પડે છે.એકાંકીમાં બતાવવામાં આવેલું સ્થળ ગામની ભાગોળ છે.આ ભાગોળ ભારતના કોઈપણ ગામડાની હોય શકે.સર્જકે અહી પાત્રોના પહેરેવેશને પણ ચિન્હિત કર્યો છે.એકાંકીના આરંભમાં જ તનાવ-સંઘર્ષની સ્થિતિ લાશની ઓળખ સંદર્ભે બતાવી છે.લાશ માણસની છે

એટલી ઓળખ પૂરતી નથી પણ એ લાશ કઈ જાતિના માણસની છે એ ઓળખ વિશેષ બને છે.એકાંકીના આરંભથી જ ઊભો થયેલો સંઘર્ષ એકાંકીના અંત સુધી એકધારી ગતિએ જળવાય રહ્યો છે.લાશ ગામના જ કોઇ વ્યક્તિની છે.કોઇક જાતિના માણસની છે એ અસમંજસતા વારંવાર પાત્રોની વાતચીતમાં આલેખાય હોવાથી એકાંકીની ઘટનાને ઉઠાવ આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે અને એકાંકીની ગતિને જાડવી રાખે છે.જ્યારે લાશ કોઇ બ્રાહ્મણ,ઠાકોર કે કણબીના જેવી નથી લાગતી એમ અનુમાન કરતા ખબર પડે છે ત્યારે આ પાત્રો લાશ ગામના કોઇ ઓરગણો-મીયોર-ઢેડની હોવાની શંકા કરે છે ત્યારે ગાંધીજીના ત્રણ વાંદરાની જેમ નકલ કરતાં કહે છે ઢેડ માણસ નથી હોતું ઢેડ ઢેડ હોય છે તેમ છતાં એ રંગેરુપે ઢેડની લાશ નહોતી તેથી ફરી પાછાં લાશને ઓળખવાનો પ્રયત્ન કરે છે આ નાટ્યાત્મકતા એકાંકીને ઉઠાવ આપે છે.આ એકાંકીમાં સર્જકે ગામડાના સમૂહ માનસને એકાંકીમાં આવતાં પાત્રો દ્વારા વ્યક્ત કર્યુ છે જે સંદર્ભે સતીષ વ્યાસ જણાવે છે"ગળફાંસોમાં બબાના રામાની આત્મહત્યા નિમિત્તે જનસ્વભાવ-માનસનું હૂબહૂ નિરુપણ મળે છે"[૬૯]અહી ગામડામાં જાતિ-જાતિ વચ્ચેના આંતરસંબંધોને પણ વ્યક્ત કર્યો છે.ભાષા સંદર્ભે વાત કરીયે તો આ એકાંકીનો પરિવેશ ગામડાનો છે.સર્જકે શિષ્ટ તત્સમ ભાષાનો પ્રયોગ પાત્રો પાસે કરાવ્યો છે.જાતિ અહમ પણ પાત્રોની ભાષામાં વ્યક્ત થયેલું જોવા મળે છે.સંવાદો ટૂંકા અને ધારદાર છે.કટાક્ષ-વ્યંગનું તત્વ પણ જોવા મળે છે.એકાંકીના અંતે લાશ સંવાદ કરે છે.પોતાની વ્યથા કહે છે.જો કે અહી એકાંકીનો  અંત મૂખર બની જાય છે.જે એકાંકીના સ્વરુપની દ્દષ્ટિએ ખટકે એવો છે.

૪.સંજય અને છગન:

મહાભારતમાં આવતા સંજયના પાત્રને કેંદ્ર બનાવીને આ એકાંકીમાં સમાજમાં જોવા મળતી બદીઓ તરફ અંગુલી નિર્દેશ કર્યો છે.સંજય એ અતિતનું પ્રતિનિધિત્વ કરતું પાત્ર છે તો છગન સાંપ્રત-વર્તમાનનું.વર્તમાન ભારતની સળગતી સમસ્યાઓમાં સંજય ભુલો પડ્યો છે.દંગા-ફસાદમાં અથડાતો-ભટકાતો સંજય છગનને મળે છે.વર્તમાનની સમસ્યાઓથી ઘેરાયેલો સંજય યુગ પરિવર્તન કરવા ચાહે છે.તેના મતે યુગપરિવર્તન એટલે ભૂતકાળની ભવ્યતામાં પાછા જવું પણ છગન સાથેની પોતાની મુલાકાત બાદ તે પોતાનો નિર્ણય બદલી નાખે છે કહો કે છગન સાથેની મુલાકાત બાદ તેનામાં સભાનતા આવે છે.સંજયને અતિજ્ઞાનનો શાપ છે તેથી જ તે ભૂતકાળથી છૂટો પડી શકતો નથી મહાભારતમાં સ્ત્રીજાતિ ઉપર થયેલા અત્યાચારના નિદર્શનરુપે ભરીસભામાં દ્રૌપદીના થયેલા ચીરહરણના પ્રસંગને અહી દ્દશ્યરુપે રજુ કરવામાં આવ્યુ છે.પિતા સમાન વડીલોની વચ્ચે તેના જેઠ દ્વારા દ્રૌપદીનું વસ્ત્રાહરણ થાય છે તેની લાજ લુટાય છે ત્યારે કોઇ મદદે આવતુ નથી.વર્તમાનમાં પણ સ્ત્રીઓની હાલત આવી છે.વર્તમાનમાં તો સ્ત્રી જાતિ ઉપર ડગલે ને પગલે અત્યાચારો થાય છે તે છગન અને સંજય વચ્ચેની વાતચીત દ્વારા જાણવા મળે છે

"સંજય:ઓહ હજી તને પેલી સ્ત્રીના ચિત્કાર સતાવે છે.તે સ્ત્રીને જોઇ તારો ચહેરો કેવો ગ્લાનિથી શ્યામ બની ગયો હતો!

છગન:અમને કોઇ ચિત્કાર સતાવી શકે તેમ નથી.અમે તો લાગણી નામમાં જ પૂળો મૂક્યો છે.છાશવારે સ્ત્રીઓ પર થતા અત્યાચારો અમે છાપામાં ઓગાળી સવારની ચા નિરાંતે પીએ છીએ.ગરીબ-હરિજન

સ્ત્રીઓને નગ્ન ફેરવવી એ તો આ સમાજની ફેશન થઈ ગઈ છે.વાહ!યત્ર પૂજ્યતે નાર્યાઃતત્ર રમન્તે દેવતાઃ ”[૭૦]

વર્તમાન માનવસભ્યતા સામે બીજો પ્રશ્ન છે યુદ્ધનો.ભૂતકાળમાં થયેલા મહાવિનાશક યુદ્ધોમાંથી માનવસમાજે કાંઈપણ બોધપાઠ લીધો નથી ઉલટાનું એ યુદ્ધો પ્રત્યેની માનવની ઘેલછા વધી છે.આ પ્રશ્નને પણ લેખકે અહી રજુ કર્યો છે.ત્રીજા દૃશ્યમાં કંટાળીને ચાની લારીએ ચા પીવા પહોચેલા સંજય અને છગન વચ્ચેના સંવાદો યોજાયા છે.ચાની લારીએ કામ કરતા છોકરાને જોઇ સંજયને હરિશ્ચંદ્રનો પુત્ર રોહિતકુમાર યાદ આવે છે.ધર્મની જાળવણી માટે પોતાની પત્ની અને બાળકોને પણ વેચી દેનાર સત્યવાદી રાજા હરિશ્ચંદ્રની ઠેકડી છગન ઊડાડે છે.મહાત્મા ગાંધીજીને રાજા હરિશ્ચંદ્રનું નાટક ખૂબ ગમેલુ કારણ કે તે સત્યની ખાતર વચન નિભાવવા પોતાનું સર્વસ્વ ત્યાગ કરી દે છે.એકાંકીકારે અહી ત્યાગની પાછળ રહેલા માનવતાવિહીન કૃત્યને તટસ્થતાથી નિરુપી આપ્યુ છે.માનવતાને નેવે મુકનાર આવા સત્યનો સ્વીકાર સાંપ્રત સમાજ કરી શકે નહી જેનો ખ્યાલ વર્તમાનનું નેતૃત્વ કરનાર છગનના સંવાદોમાંથી આવે છે.સંજય ભારતદર્શન કરવા માંગે છે પણ છગનના મતે ભારતદર્શન કરવા માટે ભારતભ્રમણ કરવાની જરુર નથી ગામડું જ સમગ્ર ભારતભ્રમણ કરવા બરાબર છે.ભારતના કોઈપણ એક ગામડામાં જોવા મળતી સમસ્યાઓ એ સમગ્ર ભારતના ગામડાઓની સમસ્યાઓનો નિર્દેશ કરે છે.રાજાશાહિ પરંપરામાં જીવેલા સંજયને વર્તમાન લોકશાહિ ભારતના સમાજને ઓળખવો છે.આ ઓળખાણ માટે છગન સૌપ્રથમ મિલકામદારોના સરઘષનો પરિચય કરાવડાવે છે.વર્તમાનમાં તો વ્યક્તિ પોતાના હક્ક અધિકાર માટે એકલો સંર્ઘષ કરી શકે છે.એ પ્રથમ નજરે જ સંજયને સમજાય છે.પણ છગન સંજયને સમજાવે છે કે ટોળામાં જઈને પોતાનો હક્ક માંગવો સહેલો નથી લાઠી-ગોળી ખાવાની પણ તૈયારી રાખવી પડે.આમ,એકાંકીના અંતે યુગપરિવર્તન કરવા ચાહતો સંજય વર્તમાનમાં જીવવાનું પસંદ કરે છે.

નાટયકાર તરીકે મૂલ્યાંકનઃ

ગુજરાતી દલિત સાહિત્યમાં નાટકક્ષેત્રે દલપત ચૌહાણનું પ્રદાન આગવું રહ્યુ છે.મોહન પરમાર પાસેથી ‘બહિષ્કાર’ એકાંકી સંગ્રહ મળે છે એ સીવાય નાટક-એકાંકી વિશેના વ્યક્તિગત સંગ્રહો કોઈ દલિત સાહિત્યકાર પાસેથી મળતા નથી.સાહિત્યના વિવિધ સ્વરુપોમાં નાટક એક એવું સ્વરુપ છે જે સર્જક પાસેથી કઈક વિશેષ સજ્જતા માંગી લે છે.સર્જકના હાથે લખાયેલું નાટક વાચક-ભાવક સુધી પહોચે છે ત્યાં જ એની સફળતા સિદ્ધ નથી થતી પણ નાટક રંગભૂમિ દ્વારા પ્રેક્ષક પાસે પહોચે છે ત્યારે જ એ લખાયેલા નાટકની ખરી સફળતા ગણાય છે.દલિત સાહિત્ય એક આંદોલન રુપે અસ્તિત્વમાં આવેલું છે.સામાજિક આંદોલનની ભૂમિકા આ સાહિત્યમાં જોવા મળે છે.દલિત સમાજમાં ચેતના-જાગૃતિ લાવવા માટે નાટક જેવું સ્વરુપ વિશેષ ઉપકારક નીવડી શકે.તેમ છતાં આવા નાટકોનો અભાવ ગુજરાતી દલિત સાહિત્યમાં જોવા મળે છે.એવા સંજોગોમાં દલપત ચૌહાણ પાસેથી મળતા નાટકો-એકાંકીઓ પ્રશંસાને પાત્ર બને છે.

સંદર્ભ સૂચિ

૧.શબ્દસૃષ્ટિ,ગુજરાત સાહિત્ય અકાદમી,ઓક્ટોમ્બર-નવેમ્બર ૨૦૧૨,પૃ.૧૦૭

૨.અનાર્યાવર્ત,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,બીજી આવૃતિ ૨૦૧૨,પૃ.૬

૩.એજન,પૃ.૭

૪.એજન,પૃ.૮

૫.એજન,પૃ.૧૧/૧૨

૬.એજન,પૃ.૧૪/૧૫

૭.એજન,પૃ.૧૬

૮. એજન,પૃ,૨૨

૯. એજન,પૃ,૨૩

૧૦. એજન,પૃ,૨૩

૧૧. એજન,પૃ,૨૫/૨૬

૧૨.મહાભારત,આદિપર્વ,અધ્યાય.૫૭

૧૩.મહાભારત,આદિપર્વ,અધ્યાય.૧૦૦

૧૪.મહાભારત,આદિપર્વ,અધ્યાય.૧૦૧

૧૫.ગુજરાતી દલિત સાહિત્યના લેખાં-જોખાં,સંપાદક-નાથાલાલ ગોહિલ,પ્રથમ આવૃતિ.૨૦૧૩,ગુજરાત સાહિત્ય અકાદમી,પૃ.

૧૬.દલપત ચૌહાણ અને દર્શક વચ્ચે થયેલો પત્ર સંવાદ

૧૭.દલપત ચૌહાણ અને દર્શક વચ્ચે થયેલો પત્ર સંવાદ

૧૮. દલપત ચૌહાણ અને દર્શક વચ્ચે થયેલો પત્ર સંવાદ

૧૯.અનાર્યાવર્ત,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,સંસ્કરણ ૨૦૧૨,પૃ.૪

૨૦.એજન,પૃ.૭

૨૧.એજન,પૃ.૧૦

૨૨.એજન,પૃ.૧૫

૨૩.ગુજરાતી દલિત સાહિત્યના લેખાં-જોખાં,સંપાદકઃનાથાલાલ ગોહિલ,ગુજરાત સાહિત્ય અકાદમી,પ્ર.આ.૨૦૧૩,પૃ.૪૦

૨૪.એજન,પૃ.૪૦

૨૫.એજન,પૃ.૪૧

૨૬.એજન,પૃ.૩૮/૩૯

૨૭.અનાર્યાવર્ત,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,સંસ્કરણ.૨૦૧૨,પૃ.૧૦

૨૮.એજન,પૃ.૨૨

૨૯.એજન,પૃ.૨૩/૨૪

૩૦.એજન,પૃ.૨૮

૩૧.એજન,પૃ.૪૦

૩૨.એજન,પૃ.૫૯

૩૩.એજન,પૃ.૫૯

૩૪. .ગુજરાતી દલિત સાહિત્યના લેખાં-જોખાં,સંપાદકઃનાથાલાલ ગોહિલ,ગુજરાત સાહિત્ય અકાદમી,પ્ર.આ.૨૦૧૩,પૃ.

૩૫.એજન,પૃ.૫૫

૩૬.દલિત અધિકાર,પ્રકાશકઃચંદુ મહેરિયા,પૃ.૫

૩૭. .ગુજરાતી દલિત સાહિત્યના લેખાં-જોખાં,સંપાદકઃનાથાલાલ ગોહિલ,ગુજરાત સાહિત્ય અકાદમી,પ્ર.આ.૨૦૧૩,પૃ.૪૧

૩૮.અનાર્યાવર્ત,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,સંસ્કરણ ૨૦૧૨,પૃ.૪૯/૫૦

૩૯.એજન,પૃ.૫૬

૪૦.એજન,પૃ.૭૨/૭૩

૪૧.એજન,પૃ.૭૭

૪૨.એજન,પૃ.૯૯

૪૩.એજન,પૃ.૧૦૩

૪૪.એજન,પૃ.૭૨

૪૫.એજન,પૃ.૭૨

૪૬.એજન,પૃ.૬૮

૪૭.એજન,પૃ.૮૩/૮૪

૪૮.હરીફાઈ,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,બી.આ,પૃ.૨૩

૪૯.એજન,પૃ.૨૬

૫૦.એજન,પૃ.૨૭

૫૧.એજન,પૃ.૧૬/૧૭

૫૨.એજન,પૃ.૧૮/૧૯

૫૩.એજન,પૃ.૨૦

૫૪.એજન,પૃ.૨૪

૫૫.એજન,પૃ.૨૫

૫૬.એજન,પૃ.૨૫

૫૭.એજન,પૃ.૨૫

૫૮.એજન,પૃ.૪૪

૫૯.એજન,પૃ.૪૯

૬૦.એજન,પૃ.૫૦

૬૧.એજન,પૃ.૫૦

૬૨.એજન,પૃ.૫૨

૬૩.એજન,પૃ.૪૮

૬૪.એજન,પૃ.૪૯

૬૫.એજન,પૃ.૫૭

૬૬.એજન,પૃ.૬૫

૬૭.એજન,પૃ.૬૭

૬૮.હરીફાઈ,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,બી.આ.૨૦૧૦,પૃ.૧૧

૬૯.એજન,પૃ.૧૦૨

૭૦.એજન,પૃ.૧૦